સુવિચાર
તમારા જન્મદિને એક સુંદર ઔષધીય વૃક્ષ વાવી માનવજાતને એક અમૂલ્ય ભેટ ધરો.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૫/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ વૈશાખ વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૪૩

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)




નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ **ઇમરજન્સી હેલ્પ લાઇન : ૯૯૭૮૨ ૯૩૦૦૦**

## કરોડો દેશવાસીઓ જેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે તે ઘડીનું કાઉન્ટડાઉન શરૂ


# આગામી ૧૨૦ કલાક બાદ મત ગણતરી શરૂ થશે

**વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતાં દેશનાં ૬૦ થી ૬૫ કરોડ દેશવાસીઓ મતદાન કરી ચુકયા છે બાકીનાં શનિવારે કરશે મતદાન**

**દેશભરનાં જુદા-જુદા સ્થળોએ મત ગણતરી થવાની હોય વહીવટીતંત્રએ વ્યવસ્થા શરૂ કરી**

**લોકસભાની ચૂંટણીનાં પરિણામો ઉપર અબજો રૂપિયાનો સટ્ટો રમાયો હોય સૌના શ્વાસ અધ્ધર**

**નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી, કેજરીવાલ, તેજસ્વી, ઉધ્ધવ સહિતનાં નેતાઓનું રાજકીય ભાવિ નકકી થશે**







અમરેલી, તા. ૨૯
સમગ્રવિશ્વમાંસૌથીમોટી લોકશાહી શાસન વ્યવસ્થા ધરાવતાં ભારત દેશની પાર્લામેન્ટની સામાન્ય ચૂંટણીનીમતગણતરી૧૨૦કલાકબાદ એટલેકે૪જૂનનાંમંગળવારેસવારેશરૂ થવાની હોય સમગ્ર વિશ્વની નજર મંડાયેલી છે. દેશમાં લોકસભાની ચૂંટણી ૭ તબકકામાં શરૂ થઈ છે. જેમાં ૬ તબકકામાં ૪૮૬ બેઠકો ઉપર મતદાન પૂર્ણથયુંછેઅનેબાકીની૫૭બેઠકઉપર આગામીશનિવારેમતદાનપૂર્ણથયાબાદ તમામ ૫૪૩ બેઠકોની મત ગણતરી મંગળવારેદેશભરનાંજુદા–જુદા

**અનુસંધાન પાના ૬ ઉપર**

॥ શ્રધ્ધાંજલિ - બેસણું ॥



ચકાભાઈ નારણભાઈ ટાંકના ધર્મપત્ની તથા
ગોપાલભાઈ ચકાભાઈ ટાંકના માતુશ્રી

**ગૌ. વા. રંજનબેન ચકાભાઈ ટાંક**

તા. ૨૮-૫-૨૦૨૪, વૈશાખ વદ-૫ ને મંગળવાર
ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

: સ્વર્ગસ્થનું બેસણું :
તા. ૩૦-૦૫-૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ સાંજના ૪:૦૦ થી ૭:૦૦ કલાક સુધી સ્થળ: સંઘવી ધર્મશાળા, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી મુકામે રાખેલ છે.

ચકાભાઈ નારણભાઈ ટાંક
ગોપાલભાઈ ચકાભાઈ ટાંક
હર્ષિલ ગોપાલભાઈ ટાંક

ચકાભાઈ (ભેળવાળા) અમરેલી, તથા
સમસ્ત ટાંક પરિવારનાં જયશ્રી કૃષ્ણ...

**ગૌ. વા. રંજનબેન ચકાભાઈ ટાંક**
ગૌ. વા. તા. ૨૮-૫-૨૦૨૪, વૈશાખ વદ-૫ ને મંગળવાર

### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી વીજબિલ ભરવું યોગ્ય નથી

# સરકારી કચેરીઓમાં નિયમ વિરૂધ્ધ લાગેલ એસી હટાવો

**સુપર કલાસ વન અધિકારી સિવાયનાં અધિકારીઓએ તેમની ચેમ્બરમાં એસી લગાવ્યા હોય તેને દૂર કરો**

**જિલ્લા કલેકટરે ખાસ ટીમની રચના કરીને તમામ કચેરીઓનું નિરીક્ષણ કરવાની જરૂર**

**એક તરફ સૂર્ય નારાયણ કાળઝાળ ગરમી વરસાવી રહ્યા છે અને બીજી તરફ એસીને લીધે પરેશાની**

**જનતા જનાર્દન પરસેવો પાડીને કરવેરો ભરે અને તે નાણાનો અમુક અધિકારીઓ કરે ગેરઉપયોગ**

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાની જુદી–જુદી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓની ચેમ્બરમાં નિયમ વિરૂધ્ધ એરકંડીશન ધમધમતા હોય જિલ્લા કલેકટરે નિયમનો ભંગ કરનાર અધિકારી અને તે કચેરી અંગે સ્પેશ્યલ ટીમની રચના કરીને તપાસ કરાવવી જોઈએ તેવી માંગ જનતા જનાર્દનમાંથી ઉભી થઈ રહી છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો જ સર્વોપરી હોય છે અને લોકો વિવિધ સ્વરૂપે સરકારી તિજોરીમાં કરવેરા રૂપે પેટે પાટા બાંધીને નાણા જમા કરે અને તે નાણાનો કરકસરથી ઉપયોગ થાય તે જોવાની જવાબદારદી જનતાનાં પ્રતિનિધિઓ અને જનતાનાં સેવકની હોય છે.

દેશની સાચી માલીક જનતા છે અને માલીક ગણાતી જનતા કાળઝાળ ગરમીમાં પરસેવો પાડીને તેમનું પેટીયુ રળતી હોય તે સમયે જનતાનાં સેવક ગણાતા અધિકારીઓ અને કર્મચારીઓ એરકંડીશનની ઠંડક માણતા જોવા મળી રહ્યા છે.

જિલ્લાનાં સુપર કલાસ વન સહિતનાં જે કોઈ અધિકારી મહત્વની ફરજ બજાવે છે તેમને નિયમ પ્રમાણે એસીની સુવિધા મળે છે અને તે યોગ્ય પણ છે. પરંતુ અનેક અધિકારીઓ અને કર્મચારીઓને સરકારી ખર્ચે એરકંડીશનની સુવિધા મળતી નથી છતાં પણ તેઓ ખુલ્લેઆમ સરકારી નિયમનો ભંગ કરતાં જોવા મળી રહ્યા છે.

એક તરફ સૂર્યનારાયણ કાળઝાળ ગરમી વરસાવી રહ્યા છે બીજી તરફ વન વિસ્તરણ વિભાગ વનનું વિસ્તરણ કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડયો છે અને અધુરામાં પુરૂ સરકારી કચેરીઓમાં નિયમ વિરૂધ્ધ એસી ધમધમી રહ્યા હોય આ બધા કારણોસર જ તપમાન વધતું હોય. આ બાબતે રાજય સરકાર અને જિલ્લાનાં અધિકારી યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી છે.

### ફાયર સેફટીનો અભાવ હોવાથી

## રાજુલામાં પાલિકાની ટીમે સોમનાથ ટયુશન કલાસીસને સીલ મારી દીધું

**શહેરમાં અનેક મકાનોમાં ફાયર સેફટીનો અભાવ**




રાજુલા, તા. ૨૯

રાજકોટમાં બનેલી ગેમ ઝોનની ઘટનાના પગલે રાજુલા નગરપાલિકાની ટીમ દ્વારા શહેરની સ્કૂલો, હોસ્પિટલો, ટયુશન કલાસીસ, કોમ્પ્યુટર કલાસીસ સહિત અનેક જગ્યાઓની આજે લેખિતમાં નોટિસો આપવામાંઆવી. પરંતુરાજુલાશહેરમાં આવેલ જવાહર રોડ ઉપર ચાલતું સોમનાથ ટયુશન કલાસીસની અગાઉ ૨૦૧૯ માં નોટિસ આપવામાં આવેલી અને સીલ પણ મારવામાં આવેલો. ત્યારબાદ સોમનાથ કલાસીસનાં સંચાલકો દ્વારા સરકારના નીતિ નિયમ પ્રમાણે કાગળો પાલિકામાં રજૂ કરતા ફરીથી ખોલવામાં આવેલું. પરંતુ ફરીથી સરકારના નીતિ નિયમોનું ઉલ્લંઘન થતું હોય ત્યારે નગરપાલિકાની ટીમ તેમજ નાયબ મામલતદાર તેમજ ફાયરની ટીમ સહિતસાથેરહીનેઆકામગીરીકરવામાં આવી. ત્યારબાદઆટીમદ્વારારિલાયન્સ ટ્રેન્ડસમાં પણ મુલાકાત કરવામાંઆવેલી અનેત્યાંપણફાયરનાનીતિનિયમોપ્રમાણે ન હોય ત્યારે રેગ્યુલર પાલિકાની ટીમ દ્વારા નોટિસ આપવામાં આવી ત્યારે હવે જોવાનું એ છે કે દિન સાતની જે નોટિસ આપવામાં આવી છે તેને નિયમો મુજબ કામગીરી કરવામાં ન આવે તો શું ફરીથી આવી બિલ્ડીંગોમાં તંત્ર દ્વારા સીલ મારવામાંઆવશે?

જોકેરાજુલા શહેરમાંઅનેક બિલ્ડીંગોમાં ફાયરના અને સરકારના નીતિ નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ સીલ કરવાની કામગીરી માં રાજુલાના નાયબ મામલતદાર મહેશભાઈ પરમાર, રાજુલા પોલીસ સ્ટાફ, નગરપાલિકા ટીમ અજયભાઈ ગોહિલ, દીપક તલાટી, જયભાઈ પરમાર, પ્રભાતભાઈ જોશી, યોગેશભાઈ ગોસ્વામી, મયુરભાઈ વઘાસિયા, દિપકભાઈ મકવાણા સહિતની ટીમ હાજર રહેલ.

### રાજકોટનાં અગ્નિકાંડ બાદ જવાબદાર વિભાગે આળશ મરડી

## ધારી પંથકમાં આવેલ ૩ રીસોર્ટ અને ૫ થી વધુ રેસ્ટોરન્ટ સામે ફાયર સેફટીને લઈને કાર્યવાહી

**ફાયર સેફટી ન ધરાવતાં એકમોનાં સંચાલકોમાં ફફડાટ**



અમરેલી, તા. ૨૯

રાજકોટની ગેમઝોન કાંડની ઘટના બાદ અમરેલી જિલ્લામાં ફાયર વિભાગસહિતની ટીમ હરકતમાં આવેલ છે. ત્યારે ગઈકાલે અમરેલી શહેરની મધ્યમાં આવેલ નાગનાથ કોમ્પલેક્ષ સીલ કરીદીધાબાદ આજે ધારીમાં વહીવટીતંત્ર દ્વારા ૩ રિસોર્ટ, ૫ થી વધુ રેસ્ટોરન્ટ, હોટલ સામે કાર્યવાહી હાથ ધરાતા ધારી પંથકમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

અમરેલી શહેરની મધ્યમાં આવેલ નાગનાથ કોમ્પલેક્ષ સીલ કરી દીધા બાદ આજે ધારીમાં ફાયર ટીમ, મામલતદાર, જી.ઈ.બી. સહિતની વહીવટીતંત્રની ટીમ દ્વારા ૩ રિસોર્ટ, ૫ થી વધુ રેસ્ટોરન્ટ, હોટલ સામે કાર્યવાહી હાથ ધરાતા ધારી પંથકમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે. ત્યારે ફાયર સેફટીના સાધનો વગર ચલાવનારા સામે કાર્યવહી હાથ ધરાઈ છે.

### રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરતાં વિરજી ઠુંમર

## અમરેલી જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં ફાયર સેફટીની સુવિધા જરૂરી

**ખાનગી કોમ્પ્લેક્ષમાં પણ ફાયર સેફટીની સુવિધા જરૂરી**



અમરેલી, તા. ૨૯

અમરેલીનાં પૂર્વ સાંસદે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને અમરેલી જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં અનેખાનગી કોમ્પ્લેક્ષમાં ફાયર સેફટીની સુવિધા શરૂ કરવા માંગ કરેલ છે.

પત્રમાં વધુમાં જણાવેલ છે કે, જિલ્લા કક્ષાની કચેરીઓમાં ફાયર સેફટીની સુવિધા જોવા મળતી નથી. સેવા સદન, બહુમાળી ભવન, એસ.પી. કચેરી, પાલિકા, જિલ્લા પંચાયત સહિતની કચેરીઓ તેમજ અન્ય શહેરોની પણ કચેરીઓમાં ફાયર સેફટીની સુવિધા નથી.

જિલ્લાની શાળા–કોલેજો, કોમર્શિયલ કોલેજ, મલ્ટીપ્લેક્ષ, હોટેલમાં પણ ફાયર સેફટીની સુવિધા શરૂ કરાવવા અંતમાં માંગ કરેલ છે.

## અમરેલી કડવા પટેલ સમાજનાં અગ્રણીઓએ છગનભાઇ જોટાસણાની શુભેચ્છા મુલાકાત લીધી



અમરેલી, તા. ૨૯

અમરેલીનાં હનુમાન પરા વિસ્તારમાં આવેલા કડવા પટેલ સમાજનાં મુખ્યદાતા છગનભાઈ જોટાસણાની તેમનાં નાગપુર સ્થિત નિવાસ સ્થાને અમરેલી વિસ્તારનાં કડવા પટેલ સમાજનાં આગેવાનો સર્વો મનસુખભાઈ વામજા (ગળકોટડી), ભુપતભાઈ મેતલીયા, મનસુખભાઈ રજોડીયા, કનુભાઈ ગોજારીયા, જયવંતભાઈ ફીણાવા, પ્રવીણભાઈ ફીણાવા, રણછોડભાઈ કુકડીયા તથા જયંતીભાઈ આદ્રોજા (નાસિક) એ મુલાકાત લીધી હતી.

આ શુભેચ્છા મુલાકાતથી છગનભાઈ એ પ્રસંતા અનુભવી હતી આ પ્રસંગે અમરેલી થી પધારેલા સર્વે મહેમાનોનું રમેશભાઈ કોટડીયા, અનિલભાઈ રાસડીયા, સુરેશભાઈ બોરસણીયા તથા દુર્ગાબેન પટેલ એ સ્વાગત કર્યું હતું.

### પાલિકાનાં શાસકો આળશ ખંખેરે

## જાફરાબાદ શહેરમાં આવેલ જાહેર શૌચાલયો નર્કાગારની સ્થિતિમાં

**ઉચ્ચ અધિકારીએ તપાસણી કરવી જરૂરી**



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદમાં આવેલ જાહેર શૌચાલયોની નિયમિત સફાઈ થતી ન હોવાથી ભયાનક બદબુ ફેલાઈ રહી છે અને શહેરીજનો શૌચાલયની અંદર તો જઈ શકતા નથી પરંતુ બાજુમાંથી પસાર થવામાં મુશ્કેલી થઈ રહી છે.

પાલિકાનાં શાસકોએ શહેરીજનોની સુખાકારીનો ગંભીરતાથી વિચાર કરીને જાહેર શૌચાલયો ઉપરાંત શહેરમાં જે કોઈ સ્થળે ગંદકીનો માહોલ હોય તે દૂર કરવો જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

## રાજુલા ખાતે બાળકો માટે સમર કેમ્પનું આયોજન થયું



અમરેલી, તા. ૨૯

ગુજરાતરાજયયોગબોર્ડદ્વારા સમગ્ર ગુજરાતમાં ૨૦૦ જગ્યાએ સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં રાજુલા તાલુકામાં પણ જિલ્લા કો. નિકિતાબેનના સાહિયોગથી સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં રાજુલા યોગકોચ ભૂમિબેન મજુકોડિયા (સંચાલક) તથા સહસંચાલક ઊર્મિલાબેન રવૈયા અને ભરતભાઈ પરમારના સાહિયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.

સમરયોગ કેમ્પની અંદર બાળકોને યોગની સાથે સાથે સંસ્કાર શિબિર, ભગવત ગીતાના શ્લોકનું પઠન, અન્ય શ્લોકોનું રિધમીક પઠન કરતા શીખે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. છેલ્લે દિવસે બાળકોને દાતાઓ તરફથી મળેલ ભેટ આપવામાં આવી હતી. જેમાં યોગ મેટ, પેડ, તથા બોટલ ભેટ તરીકે બાળકોને યોગ પ્રત્યે પ્રેણના મળે તે માટે આપવામાં આવી હતી. યોગબોર્ડ તરફથી ટોપી, યોગબૂક, યોગ ચિત્ર પોથી આપવામાં આવી હતી.

### ભાજપ અગ્રણી નીતિન રાઠોડની રજુઆત

## બાબરાના જનસેવા કેન્દ્રમાં આવક, ક્રિમીલીયર સહિતનાં દાખલા કાઢવામાં પરેશાની

**આગામી ૨ મહિના માટે કર્મચારીઓની સંખ્યા વધારો**



બાબરા, તા.૨૯

બાબરામાં જન સેવા કેન્દ્રમાં એક કોમ્પ્યુટર ઓપરેટરના કારણે વિવિધ દાખલાઓ કાઢવામાં ખાસો સમય નીકળે છે જેના કારણે વિધાર્થીઓ તેમજ વાલીઓને ખુબજ હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. ત્યારે જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારા જિલ્લા કલેકટરને પત્ર પાઠવી તાત્કાલિક અસરથી અહીં વધુ કોમ્પ્યુટર ઓપરેટર ફાળવણી કરવામાં આવે તે સર્વોના હિતાવહ છે.

બાબરામાં જનસેવા કેન્દ્રમાં હાલ વિવિધ પરીક્ષા તેમજ એડમિશન અને અન્ય સરકારી લાભો માટે વિધાર્થીઓ તેમજ લાભાર્થીઓ આવક તેમજ ક્રિમિયલ અને જાતિ સહિત ના અન્ય દાખલા કાઢવા માટે સવારથી જનસેવા કેન્દ્ર લાઇનમાં ઉભા રહી જાય છે પણ પણ એકજ કોમ્પ્યુટર ઓપરેટર હોવાથી સાંજ પડે તેમ છતાં વારો નહિ આવતા ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડે છે. ત્યારે હાલ આગામી જૂન જુલાય મહિના સુધી જન સેવા કેન્દ્રમાં વિધાર્થીના હીત માટે બે કોમ્પ્યુટર ઓપરેટરની ફાળવણી કરવામાં આવે તેવી માંગ જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઇ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

### પુતિને આપી ચેતવણી... આગ સાથે રમશો નહીં

# ફ્રાન્સ-જર્મનીએ કહ્યું- યુક્રેનને રશિયાની અંદર હુમલો કરવાની છૂટ આપવી જોઈએ

**રશિયા અને યુક્રેન વચ્ચે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ શરૂ થયેલ યુદ્ધ, બીજા વિશ્વયુદ્ધ પછીનું સૌથી ઘાતક યુદ્ધ છે, જે પશ્ચિમી દેશો માને છે કે પુતિન વૈશ્વિક યુદ્ધનું જોખમ વધારી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૨૯

ફ્રાન્સ અને જર્મનીના નેતાઓએ મંગળવારે કહ્યું કે યુક્રેનને રશિયાની અંદરના લશ્કરી સ્થળો પર હુમલો કરવાની મંજૂરી આપવી જોઈએ જ્યાંથી યુક્રેનિયન પ્રદેશ પર મિસાઈલો છોડવામાં આવી રહી છે, પરંતુ અન્ય લક્ષ્યોને નહીં. અગાઉ, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી હતી કે નાટોના સભ્ય દેશો યુક્રેનને રશિયાની અંદર હુમલો કરવા માટે પશ્ચિમી દેશો દ્વારા પૂરા પાડવામાં આવતા હથિયારોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ કરીને આગ સાથે રમી રહ્યા છે. તેમણે કહ્યું કે આનાથી વૈશ્વિક સંઘર્ષ શરૂ થઈ શકે છે.ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને જર્મનીના મેસેબર્ગમાં જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'અમે યુક્રેનને સમર્થન આપીએ છીએ અને અમે તણાવ નથી ઈચ્છતા, આમાં કોઈ ફેરફાર થયો નથી. અમે માનીએ છીએ કે યુક્રેનને રશિયાની અંદરની તે સૈન્ય સાઈટ્સને નષ્ટ કરવાની મંજૂરી આપવી જોઈએ જ્યાંથી મિસાઈલો છોડવામાં આવે છે, તે લશ્કરી સાઈટ્સ કે જ્યાંથી યુક્રેન પર હુમલો કરવામાં આવે છે. પરંતુ આપણે યુક્રેનને રશિયામાં અન્ય લક્ષ્યો અને નાગરિક અથવા લશ્કરી સ્થળો પર હુમલો કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે કહ્યું કે તેઓ મેક્રોન સાથે સંમત છે. તેમણે કહ્યું, 'જ્યાં સુધી યુક્રેન અમેરિકા અને આંતરરાષ્ટ્રીય કાયદા સહિત હથિયાર સપ્લાય કરનારા દેશો દ્વારા આપવામાં આવેલી શરતોનું સન્માન કરે છે, ત્યાં સુધી તેને પોતાનો બચાવ કરવાની છૂટ છે. યુક્રેન જે કરી રહ્યું છે તેના માટે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ દરેક છૂટ છે. આ સ્પષ્ટપણે જણાવવું જોઈએ. મને તે વિચિત્ર લાગે છે જ્યારે કેટલાક લોકો દલીલ કરે છે કે યુક્રેનને પોતાનો બચાવ કરવા અને યોગ્ય પગલાં લેવાની મંજૂરી આપવી જોઈએ નહીં.રશિયા અને યુક્રેન વચ્ચે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨થી શરૂ થયેલું યુદ્ધ, બીજા વિશ્વયુદ્ધ પછીનું સૌથી ઘાતક યુદ્ધ છે, જે પશ્ચિમી દેશો માને છે કે પુતિન વૈશ્વિક યુદ્ધનું જોખમ વધારી રહ્યા છે, જ્યારે પશ્ચિમી નેતાઓ તેને ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે . નાટોના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલ્ટનબર્ગે કહ્યું કે જોડાણના સભ્યોએ યુક્રેનને પશ્ચિમી શસ્ત્રો સાથે રશિયા પર હુમલો કરવાની મંજૂરી આપવી જોઈએ. તેમના વિચારને ટ્રાન્સએટલાન્ટિક જોડાણના કેટલાક યુરોપિયન સભ્યો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી.જર્મનીમાં પણ, આ વિચારનો થોડો વિરોધ છે, કારણ કે તે દેશના પૂર્વ ભાગમાં આગામી સ્થાનિક અને રાજ્યની ચૂંટણીઓમાં વ્યાપક સંઘર્ષમાં વધારો કરે તેવી શક્યતા છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે યુક્રેનને લાંબા અંતરની વૃષભ મિસાઈલો પ્રદાન કરવાનો ઈનકાર કર્યો છે, જે સંભવિતપણે મોસ્કો સુધી પહોંચી શકે છે.

### ચાંદી એક લાખની સપાટી ક્રોસ કરે તેવી શક્યતા

# ચાંદી રેકોર્ડ તેજી સાથે આજે ભાવ ઓલટાઈમ હાઈ

**અમદાવાદ હાજર બજારમાં સોનાની કિંમત આજે નજીવી રૂ. ૨૦૦ વધી રૂ. ૭૪૭૫૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છે**

મુંબઈ, તા.૨૯

સોના કરતાં ચાંદીમાં રેકોર્ડ તેજીનો દોર જારી રહ્યો છે. વૈશ્વિક બજારોની સથવારે આજે સ્થાનીય બજારમાં ચાંદી રૂ. ૯૪૦૦૦ પ્રતિ કિગ્રાની સર્વોચ્ચ ટોચે પહોંચી છે. અમદાવાદ હાજર બજારમાં સોનાની કિંમત આજે નજીવી રૂ. ૨૦૦ વધી રૂ. ૭૪૭૫૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છે. જ્યારે ચાંદીમાં રૂ.૧૦૦૦નો ઉછાળો નોંધાઈ ભાવ કિગ્રાદીઠ રૂ.૯૪૦૦૦ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. અગાઉ ૨૨ મેના રોજ રૂ. ૯૩૦૦૦ની ટોચ નોંધાવી હતી. અમદાવાદ ચોક્સી મહાજનના હેમંત સથવારાના જણાવ્યા પ્રમાણે, સ્થાનિક બજારોમાં રોજ નવા રેકોર્ડ ભાવના કારણે ઘરાકી મંદ રહી છે. પરંતુ વૈશ્વિક સ્તરે સંસ્થાકીય રોકાણકારોની ખરીદીમાં વૃદ્ધિના કારણે સોના-ચાંદીના ભાવ સતત વધી રહ્યા છે. જો ફેડ દ્વારા વ્યાજદરોમાં ઘટાડો કરવાની શક્યતા પ્રબળ બને તો આગામી થોડા મહિનામાં ચાંદી રૂ. ૧ લાખ પ્રતિ કિગ્રાના રેકોર્ડ સ્તરે પહોંચશે. સ્થાનીય બજારમાં સોના-ચાંદીના રેટ પર નજર કરીએ તો, ચાલુ કેલેન્ડર વર્ષમાં સોના કરતાં ચાંદીમાં આકર્ષક રિટર્ન જોવા મળ્યું છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં ચાંદી રૂ. ૭૪૫૦૦ના લેવલથી રૂ. ૧૯૫૦૦ વધી રૂ. ૯૪૦૦૦ પ્રતિ કિગ્રા થઈ છે. જે ૨૬.૧૭ ટકા ઉછાળો દર્શાવે છે. જ્યારે સોનુ આજના ભાવ સામે અત્યારસુધી ૧૪.૪૭ ટકા (રૂ. ૯૪૫૦ પ્રતિ ૧૦ ગ્રામ) રિટર્ન આપી રહ્યું છે.વૈશ્વિક બજારોમાં ચાંદીની માગ સતત વધી રહી છે. વૈશ્વિક બજારોમાં ચાંદી (COMEX)ના ભાવ ૩૧.૩૩ ટકા વધ્યા છે. જ્યારે સોનામાં ૧૧.૨૩ ટકાનો ઉછાળો નોંધાયો છે. અમેરિકી વ્યાજદરોમાં ઘટાડાનો આશાવાદ, જિઓ-પોલિટિકલ ક્રાઈસિસમાં વધારાના પગલે કિંમતી ધાતુ પ્રત્યે આકર્ષણ વધ્યું છે. બીજી બાજુ ઔદ્યોગિક માગ પણ વધી છે. રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવા મામલે સોલાર પેનલ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સની વધતી માગના કારણે ચાંદીની માગ વધી છે. "કોમેક્સમાં સોનાના ભાવને ૨૩૫૫-૨૩૬૦$ પર રેઝિસ્ટન્સ લેવલનો સામનો કરવો પડ્યો હતો, અને MCX સોનાને ૭૨૪૫૦ રૂપિયાની આસપાસ વેચવાલીનો સામનો કરવો પડ્યો હતો. ડૉલરમાં નજીવો વધારો, અને શુક્રવારે આગામી PCE પ્રાઈસ ઈન્ડેક્સ ડેટા જે ફુગાવાના અંદાજો તરફ સંકેત આપશે આ રીતે સકારાત્મક પછી સોનામાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં ૭૧૨૫૦ થી ૭૨૪૫૦ સુધીની રેલી PCE પ્રાઈસ ઈન્ડેક્સ ડેટા બહાર ન આવે ત્યાં સુધી સોનું ૭૧૦૦૦ અને ૭૨૬૦૦ની નજીક રેઝિસ્ટન્સ લેશે."

### ક્રાઈમ બ્રાન્ચે આરોપી કિરીટસિંહ જાડેજાની ધરપકડ કરી

# રાજકોટ અગ્નિકાંડમાં વધુ એક આરોપીની ધરપકડ

**આ મામલે હજુપણ અશોકસિંહ જાડેજાની શોધખોળ ચાલુ**

રાજકોટ, તા.૨૯

રાજકોટ અગ્નિકાંડ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આજે પાંચમાં આરોપી કિરીટસિંહ જાડેજાની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે કિરીટસિંહ જાડેજા ટીઆરપી ગેમ ઝોનના માલિક છે.

પોલીસે હવે એફઆઈઆરમાં સામેલ અન્ય આરોપી અશોકસિંહ જાડેજાને શોધી રહી છે. નોંધનીય છે કે રાજકોટમાં ગત શનિવારે ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૩૩ લોકોના મોત થયા હતા.પકડાયેલ આરોપી કિરીટસિંહ જાડેજા અને અશોકસિંહ જાડેજા સાચા ભાઈઓ છે અને ગેમ ઝોન જગ્યાના માલિક છે. તે TRP ગેમ ઝોનનો માલિક હતો. પોલીસે કિરીટસિંહને પકડી લીધો છે અને અશોકસિંહ હજુ ફરાર છે.આ ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં એક આરોપી પ્રકાશનું મોત થયું છે અને એક આરોપી અશોક સિંહ હજુ પકડાયો નથી.આ ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં એક આરોપી પ્રકાશનું મોત થયું છે અને એક આરોપી અશોક સિંહ હજુ પકડાયો નથી. રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના માલિક પ્રકાશ હિરનનું પણ આગમાં મૃત્યુ થયું હતું. ગેમ ઝોનમાંથી મળેલા અવશેષોમાંથી લીધેલા ડીએનએ સેમ્પલ પ્રકાશની માતાના ડીએનએ સાથે મેચ થયા છે. આ ગેમ ઝોનમાં પ્રકાશ સૌથી વધુ પ્રોફિટ શેરર હતો.

આગ લાગી તે સમયે પ્રકાશ હિરન પણ સીસીટીવીમાં કેદ થયો હતો. પ્રકાશ હિરણના ભાઈ જિતેન્દ્ર હિરાને પોલીસને અરજી આપી હતી. આગ લાગી તે સમયે પ્રકાશ હિરણ સીસીટીવીમાં જોવા મળ્યો હતો. આગની ઘટના બાદ પરિવાર સાથે કોઈ સંપર્ક થયો ન હતો. તમામ ફોન નંબર પણ સ્વીચ ઓફ હતા. ઘટના સ્થળે પ્રકાશની કાર પણ મળી આવી હતી.ગત શનિવારે રાજકોટના ઈ ગેમ ઝોનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. મૃત્યુ પામેલાઓમાં ૧૨ બાળકો પણ સામેલ છે. તમામ મૃતદેહો એટલી ખરાબ રીતે બળી ગયા હતા કે તેમની ઓળખ કરવી પણ મુશ્કેલ હતી. આવી સ્થિતિમાં ગેમ ઝોનના માલિકના પરિવારજનોએ દાવો કર્યો હતો કે અકસ્માતમાં એક સભ્ય દાઝી ગયો હતો. આથી ઘટનાસ્થળેથી મળેલા અવશેષોના સેમ્પલ સાથે તેનું ડીએનએ મેચ કરવામાં આવ્યું હતું, જેમાં એક મેચ સાચો નીકળ્યો હતો.

### બિહારમાં ગરમીનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર

# બિહારમાં કાળઝાળ ગરમીને કારણે ૪૮ જેટલી વિદ્યાર્થીની બેભાન થઈ

**વિદ્યાર્થીનીઓ બેભાન થતા હોસ્પિટલમાં સારવાર હેઠળ**

પટણા, તા.૨૯

બિહારમાં ભીષણ ગરમીને પગલે શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ બેભાન થવાનો કિસ્સો સામે આવ્યો છે.જેમાં શેખપુરા અને બેગૂસરાયમાં ૪૮ વિદ્યાર્થીનીઓ બેહોશ થઈ ગઈ હતી. જે વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. વાત કરવામાં આવે તો રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર પણ આકરી ગરમીની ઝપેટમાં છે. દેશભરમાં આકરી ગરમી યથાવત છે. મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાઈ રહ્યું છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૫૦ ડિગ્રી (૪૯.૯ ડિગ્રી) ની નજીક પહોંચી ગયું છે. તેણે છેલ્લા ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર પણ આકરી ગરમીની ઝપેટમાં છે. ઘણા રાજ્યોની શાળાઓમાં ઉનાળાની રજાઓ છે પરંતુ બિહારમાં હજુ સ્કૂલોમાં અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. બુધવારના રોજ બિહારના બેગુસરાયની શાળાઓમાં કાળઝાળ ગરમીના કારણે વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ રહી છે.શેખપુરાની એક શાળામાં ગરમીના કારણે ૨૪ વિદ્યાર્થિનીઓ બેભાન થઈ ગઈ હતી. શેખપુરાની એક શાળામાં કાળઝાળ ગરમીના કારણે વિદ્યાર્થિનીઓની તબિયત એટલી લથડી હતી કે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. કાળઝાળ ગરમીને કારણે શેખપુરા જિલ્લાના અરિયરી બ્લોક હેઠળ મનકૌલ મધ્ય વિદ્યાલય સહિત ઘણી શાળાઓમાં વિદ્યાર્થીનીઓ બેહોશ થઈ ગઈ. ગરમીના કારણે કેટલીક વિદ્યાર્થિનીઓ પ્રાર્થના દરમિયાન અને કેટલીક વર્ગખંડમાં બેહોશ થઈ ગઈ હતી.વાસ્તવમાં મટિહાની બ્લોકની મટિહાની મધ્ય વિદ્યાલયમા કાળઝાળ ગરમીને કારણે લગભગ ૧૮ વિદ્યાર્થીનીઓ બેહોશ થઈ ગઈ હતી. જેમને સારવાર માટે મટિહાની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જ્યાં તમામ વિદ્યાર્થીનીઓને સારવાર આપવામાં આવી રહી છે. બેગુસરાયમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર છે, આકરી ગરમી છતાં તમામ શાળાઓ ખુલ્લી છે.

મધ્ય વિદ્યાલય મટિહાનીમાં ૧૦ વાગ્યાની આસપાસ અચાનક સ્કૂલની વિદ્યાર્થિનીઓ બેભાન થઈ જવા લાગી હતી. આ પછી શાળાના આચાર્ય ચંદ્રકાંત સિંહ દ્વારા સૌપ્રથમ ઓઆરએસ આપવામાં આવ્યું હતું, પરંતુ તેમ છતાં સ્વાસ્થ્ય ના સુધારતા તમામ વિદ્યાર્થીનીઓને સારવાર માટે મટિહાની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.હાલ ૧૪ વિદ્યાર્થીનીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. શાળાના પ્રિન્સિપાલ ચંદ્રકાંત સિંહે જણાવ્યું કે, ખૂબ જ ગરમી છે, શાળામાં પંખા છે અને વીજળી તેમજ જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં ગરમીના કારણે વિદ્યાર્થીનીઓ બેહોશ થવા લાગી છે. શાળામાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી પરંતુ તેમની હાલત વધુ બગડતાં તમામ છોકરીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.બાળકોના બીમાર હોવાની જાણ થતાં પરિવારના સભ્યો હોસ્પિટલ અને શાળાએ પહોંચવા લાગ્યા હતા, જેના કારણે બાળકોને શાળામાં મધ્યાહન ભોજન ખવડાવવામાં આવ્યું હતું અને ૧૦ વાગ્યા પછી રજા આપવામાં આવી હતી. જોકે, તેમણે સરકારી ગાઈડલાઈન વિરુદ્ધ રજા આપી છે. સારવાર કરી રહેલા હોસ્પિટલના તબીબ રાહુલ કુમારે જણાવ્યું કે, વિદ્યાર્થીનીઓ ગરમીને કારણે બેભાન થઈ ગઈ હતી. હાલમાં બાળકોને ગ્લુકોઝ અને ઓઆરએસ આપવામાં આવી રહ્યું છે અને તમામની સારવાર કરવામાં આવી રહી છે.

### રોપ-વે સ્ટેશન સુધી પહોંચી

# શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેના જંગલમાં ભીષણ આગ ફાટી નીકળી

**હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેની પહાડીમાં આગ લાગી હતી**

બિલાસપુર, તા.૨૯

હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેની પહાડીમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ કાબૂ બહાર ગઈ અને જંગલમાં આવેલા અનેક વૃક્ષોને લપેટમાં લઈ લીધા. જણાવવામાં આવી રહ્યું છે કે આગ રોપવે સ્ટેશન સુધી ફેલાઈ ગઈ છે. હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ શ્રી નૈના દેવીની ગુફા પાસેની પહાડીમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ કાબૂ બહાર ગઈ અને જંગલમાં આવેલા અનેક વૃક્ષોને લપેટમાં લઈ લીધા. જણાવવામાં આવી રહ્યું છે કે આગ રોપવે સ્ટેશન સુધી ફેલાઈ ગઈ છે. તેનો વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે રોપ-વેના થાંભલાઓ પાસે પણ જ્વાળાઓ દેખાઈ રહી છે.ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે આગ કેવી રીતે અને ક્યાંથી લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. પરંતુ, જંગલમાં તીવ્ર ગરમી અને સૂકા લાકડાના કારણે આગ ઝડપથી ભભૂકી રહી છે.તમને જણાવી દઈએ કે નૈના દેવી ૫૧ શક્તિપીઠોમાંથી એક છે. એવું માનવામાં આવે છે કે માતા સતીની આંખો અહીં પડી હતી. નૈના દેવી મંદિર શિવાલિક પર્વતમાળાની ટેકરીઓ પર આવેલું છે. શ્રાવણ અષ્ટમી, ચૈત્ર નવરાત્રી અને અશ્વિન નવરાત્રી દરમિયાન અહીં ભક્તોની ભારે ભીડ રહે છે. અહીંથી સૌથી નજીકનું એરપોર્ટ ચંદીગઢ છે. આનંદપુર સાહિબ અને કિરતપુર સાહિબથી ટેક્સીઓ ભાડે મળે છે.

### બ્રિજભૂષણના પુત્ર કરણ ભૂષણના કાફલાએ અકસ્માત સર્જ્યો

# બીજેપી સાંસદના પુત્રના કાફલાએ સર્જયો અકસ્માત

**કાફલાએ 3 લોકોને કચડી નાંખ્યા, બે યુવકોના મોત**

કૈસરગંજ, તા.૨૯

કૈસરગંજના ભાજપના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના ઝડપી વાહનોના કાફલા સાથે બાઈક અથડાતાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. જેમાં બાઈક સવાર બે યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અન્ય એક મહિલાની હાલત ગંભીર છે, પ્રાથમિક સારવાર બાદ તેને મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી. કૈસરગંજના ભાજપના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના ઝડપી વાહનોના કાફલા સાથે બાઈક અથડાતાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. જેમાં બાઈક સવાર બે યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અન્ય એક મહિલાની હાલત ગંભીર છે, પ્રાથમિક સારવાર બાદ તેને મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી. કૈસરગંજના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના વાહનોના કાફલા સાથે આજે બાઈક અથડાતા ત્રણ લોકો ઘાયલા થયા હતા. આ પૈકીના બે બાઈક ચાલકોનું સ્થળ પર જ મોત થયું હતું. જોકે હાલ એક મહિલાની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. મહિલાની પ્રાથમિક સારવાર કરવામાં આવ્યા પછીથી તેને મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી. કર્નલગંજ-હુઝુરપુર રોડ પર છતાઈપુરવા સ્થિત બૈકુંઠ ડિગ્રી કોલેજ પાસે બુધવારે સવારે આ અકસ્માત થયો હતો. અકસ્માત બાદ અન્ય લોકો સ્કોટમાં ચાલી રહેલા ફોર્ચ્યુનર વાહનને છોડીને સ્થળ પરથી ભાગી ગયા હતા. માહિતી મળતાં જ ગ્રામજનોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. રોડ પર વિરોધ કરવાની સાથે રોષે ભરાયેલા લોકોએ કાર સળગાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. અકસ્માત બાદ કટરાબજાર, પારસપુર, કૌડિયા અને કર્નલગંજ પોલીસ સ્ટેશનના પોલીસ દળોએ ચાર્જ સંભાળ્યો હતો. લગભગ એક કલાક સુધી કર્નલગંજ-હુઝુરપુર રોડ પર જામ રહ્યો હતો. એસડીએમ, અધિક પોલીસ અધિક્ષક, સીઓ કર્નલગંજ અને સીઓ સિટીના સામૂહિક પ્રયાસો અને મુકદ્દમાની ખાતરી પછી, દેખાવકારોએ જામ હટાવ્યો.

કૈસરગંજના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહના પુત્ર અને ભાજપના ઉમેદવાર કરણ ભૂષણ સિંહના ભારે કાફલામાં મુસાફરી કરી રહેલા પોલીસ સ્પોર્ટ ફોર્ચ્યુનર વાહને બે બાઈક સવાર યુવકોને કચડી નાખ્યા હતા. રેહાન ખાન (૨૧) અને શહઝાદ ખાન (૨૦), નિંદુરાના રહેવાસીઓનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. રોડ કિનારે જઈ રહેલી છતાઈપુરવામાં રહેતી સીતા દેવી (૬૦)ને પણ ટક્કર મારી હતી. જેમાં બાઈક સવાર બંને યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા અને મહિલા ગંભીર રીતે ઘાયલ થતાં તેને ગોંડાની મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવી હતી.પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે કાફલો કર્નલગંજથી હુઝુરપુર તરફ જઈ રહ્યો હતો જ્યારે બાઈક સવાર યુવકો કર્નલગંજ તરફ આવી રહ્યા હતા. કૈસરગંજથી ભાજપના ઉમેદવાર કરણભૂષણ સિંહની કાર વાહનોના કાફલાની આગળ ચાલી રહી હતી. ફોર્ચ્યુનર UP-32 HW-1800, જે કાફલામાં સુરક્ષાકર્મીઓને લઈને જઈ રહી હતી, તેને પણ અકસ્માત બાદ નુકસાન થયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે કારની અંદરની તમામ એરબેગ ખુલી ગઈ. આ વાહન નંદિની એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટના નામે નોંધાયેલ છે.

### આ કાર્યક્રમ આચાર સંહિતાનું ઉલ્લંઘન છે : કોંગ્રેસ

# મોદી કન્યાકુમારીના વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન કરશે

**પીએમ મોદીની કન્યાકુમારીમાં ધ્યાન કરવાની યોજનાથી કોંગ્રેસ નારાજ, કોંગ્રેસ ચૂંટણી પંચમાં કરશે ફરિયાદ**

ચેન્નાઈ, તા.૨૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના છેલ્લા તબક્કા માટે ૧ જૂને મતદાન થશે. આ તબક્કા માટે ચૂંટણી પ્રચારના પડઘમ ૩૦ મેની સાંજે શાંત થશે. પીએમ મોદી ૩૦ મેના રોજ સાંજે કન્યાકુમારીમાં વિવેકાનંદ રૉક મેમોરિયલની મુલાકાત લેવાના છે જ્યાં તેઓ ધ્યાન કરશે. જો કે પીએમ મોદીના આ કાર્યક્રમથી કોંગ્રેસે નારાજગી દર્શાવી છે. તમિલનાડુ કોંગ્રેસે કહ્યું છે કે પીએમ મોદીનો આ કાર્યક્રમ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરે છે. કોંગ્રેસે પીએમ મોદીના કાર્યક્રમને લઈને ચૂંટણી પંચમાં જવાની પણ વાત કરી છે. તમિલનાડુ કોંગ્રેસે કન્યાકુમારીના વિવેકાનંદ રૉક ખાતે પીએમ મોદીના ધ્યાન કાર્યક્રમ વિશે કહ્યું છે કે આ ચૂંટણીના છેલ્લા તબક્કા પહેલા યોજાયેલું નાટક છે. કોંગ્રેસે કહ્યું કે તે ચૂંટણી પંચનો સંપર્ક કરશે અને કહેશે કે છેલ્લા તબક્કાના એક દિવસ પહેલા મત માંગવાનો આ ડ્રામા છે. તમિલનાડુ કોંગ્રેસના વડા સેલવાપેરુન્ધાગાઈએ કહ્યું કે પીએમ મોદી દ્વારા આ કાર્યક્રમનું આયોજન આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે કારણ કે તે સતત મીડિયા કવરેજ દ્વારા મતદારોને પ્રભાવિત કરી શકે છે.તમિલનાડુ કોંગ્રેસના વડા સેલવાપેરુન્ધાગાઈએ જાહેરાત કરી છે કે તેઓ કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે પીએમ મોદીના કાર્યક્રમને રોકવા માટે ચૂંટણી પંચનો સંપર્ક કરશે. આ સાથે ડીજીપીને આગામી ત્રણ દિવસમાં પ્રવાસીઓ માટે સંભવિત વિક્ષેપને ટાંકીને પીએમ મોદીના કાર્યક્રમની પરવાનગી નકારવા માટે પણ વિનંતી કરવામાં આવશે.પીએમ મોદીનો આ કન્યાકુમારી પ્રવાસ ૩૦ મેથી ૧ જૂન સુધી રહેશે. પીએમ મોદી ૩૦ મેથી ૧ જૂનની સાંજ સુધી વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન કરશે. તેઓ રોક મેમોરિયલના એ જ પથ્થર પર ધ્યાન કરશે જ્યાં સ્વામી વિવેકાનંદે ધ્યાન કર્યું હતું. સત્તાવાર કાર્યક્રમ અનુસાર આ પહેલા ૩૦ મેના રોજ સવારે ૧૧ વાગ્યે પીએમ મોદી હોશિયારપુરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. આ પછી તે તમિલનાડુ જશે અને ત્યાં રાત્રી રોકાણ કરશે.

### જય શાહ સાથે ડિલ ફાઇનલ થયાની ચર્ચા

# ગૌતમ ગંભીર ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ હોઈ શકે

**એક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે મુખ્ય કોચ માટે ગૌતમ ગંભીરનું નામ સૌથી આગળ**

નવી દિલ્હી, તા.૨૯

રાહુલ દ્રવિડનો ભારતીય ટીમના કોચ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે. તેથી હવે નવા કોચ કોણ બનશે તે અંગે અટકળોનો દોર ચાલુ થઈ ગયો છે . એવામાં ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તરફથી અરજીઓ માંગવામાં આવી હતી. અરજીઓ જોયા બાદ ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ કોણ હશે, તેના પર ટૂંક સમયમાં જાહેરાત થઈ જશે. એક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે મુખ્ય કોચ માટે ગૌતમ ગંભીરનું નામ સૌથી આગળ છે. ગંભીરે આ માટે અરજી પણ કરી છે.નોંધનીય છે કે ગૌતમ ગંભીર ભાજપના પૂર્વ સાંસદ છે. આ વખતે ભાજપે તેમને દિલ્હીની બેઠક પરથી રિપીટ કર્યા નહોતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેની બીસીસીઆઇ સાથે ડીલ છે. આ બોર્ડનું નિયંત્રણ ભાજપના એક નેતાના પુત્ર જય શાહના હાથમાં છે. તેથી એમ ચર્ચાય છે કે ગૌતમને જ મુખ્ય કોચ બનાવવમાં આવશે.IPL-2024માં ગંભીર કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)નો મેન્ટર હતો. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે હવે ગૌતમ ગંભીર આ પદ માટે મોટો દાવેદાર છે. આ અઠવાડિયે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ની ત્રીજી ખિતાબ જીત્યા પછી, ગંભીરને મુખ્ય કોચ પદ માટે મુખ્ય દાવેદાર માનવામાં આવે છે. ગંભીર ૨૦૦૭ T20 વર્લ્ડ કપ અને ૨૦૧૧ વર્લ્ડ કપ ટીમનો ચેમ્પિયન ખેલાડી રહ્યો છે. રાહુલ દ્રવિડ વર્લ્ડ કપના અંતે મુખ્ય કોચની જવાબદારી છોડી દેશે.રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ગંભીરે તેની નજીકના લોકોને કહ્યું છે કે તે આ પોસ્ટ પર વિચાર કરી રહ્યો છે, કોલકાતા ટીમના કો-ઓનર શાહરૂખ ખાન પણ આ વાતથી વાકેફ છે. આ પોસ્ટ માટે અરજીઓ મોકલવાનો ૨૭ મે છેલ્લો દિવસ હતો. એવી શક્યતા છે કે તેણે આ ભૂમિકા માટે ઔપચારિક રીતે અરજી કરી છે, જો કે હજી સુધી બંને તરફથી તેની પુષ્ટિ કરવામાં આવી નથી.IPL ફ્રેન્ચાઈઝીના માલિક કે જેઓ બીસીસીઆઈના ટોચના સ્તરના અધિકારીઓની ખૂબ નજીક છે તેણે જણાવ્યું કે ગંભીરને મુખ્ય કોચ બનાવવા માટે ડીલ થઈ ગઈ છે, આ અંગેની જાહેરાત થવાની બાકી છે.

# દુર્ઘટનામાં ૧૦૦ થી વધુ લોકોના મોતનો અંદાજ

પાપુઆ, તા.૨૯

પાપુઆ ન્યુ ગિનીના એન્ગા પ્રાંતના કાઓકલામ ગામમાં એક વિશાળ ભૂસ્ખલન થયાના સમાચાર સામે આવ્યા છે. આ દુર્ઘટનામાં ૧૦૦ થી વધુ લોકોના મોતનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. પાપુઆ ન્યુ ગિનીના એન્ગા પ્રાંતના કાઓકલામ ગામમાં એક વિશાળ ભૂસ્ખલન થયું છે. મળતા અહેવાલ અનુસાર આ દુર્ઘટનામાં ૧૦૦ થી વધુ લોકોના મોતનો અંદાજ છે, કારણ કે મોટી સંખ્યામાં લોકો માટી નીચે દટાયેલા છે. ગ્રામજનોએ ઘટના સ્થળેથી મોટી સંખ્યામાં મૃતદેહો બહાર કાઢ્યા છે. હાલમાં આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોનો સત્તાવાર આંકડો આવ્યો નથી.રિપોર્ટ અનુસાર ભૂસ્ખલન પોર્ટ મોરેસ્બીથી લગભગ ૬૦૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં એન્ગા પ્રાંતના કાઓકલામ ગામમાં સવારે ૩ વાગ્યે થયું હતું. એન્ગા પ્રાંતીય વહીવટીતંત્રનું કહેવું છે કે તેમણે ભૂસ્ખલનના કારણે થયેલા નુકસાનનું ઝડપથી મૂલ્યાંકન કરવા માટે ઈમરજન્સી એક્શન ટીમની રચના કરી છે.

ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટરએ પણ સ્થાનિક લોકોને ટાંકીને આ ઘટનાની માહિતી શેર કરી છે. કાઓકલામના એક વ્યક્તિએ ચેનલને જણાવ્યું કે લોકો માટે રાહત કાર્ય ખૂબ જ મુશ્કેલ બની રહ્યું છે. ઘણા ભારે પથ્થરો, વૃક્ષો અને છોડ પડી ગયા છે. જેના કારણે ઈમારતોને નુકસાન થયું હતું. જેના કારણે મૃતદેહો શોધવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

અન્ય એક મહિલા એલિઝાબેથ લારુમાએ જણાવ્યું હતું કે નજીકની ટેકરી પરથી કાદવ અને વૃક્ષો પડતાં કેટલાંય મકાનો ધરાશાયી થયાં હતાં. આખું ગામ ગાઢ નિંદ્રામાં હતું ત્યારે આ ઘટના બની હતી. તેમણે કહ્યું કે ગામના ૧૦૦થી વધુ લોકો કાટમાળ નીચે દટાયા છે.

# ભારતીય સૈનિકોએ 'ટગ ઓફ વોર'માં ચીની સૈનિકોને હરાવ્યા

નવી દિલ્હી, તા.૨૯

ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ હંમેશા મોટો મુદ્દો રહ્યો છે. દરરોજ વિપક્ષ આ અંગે સરકારને ઘેરી રહ્યો છે. આ બધાની વચ્ચે ભારતીય સેનાના જવાનોએ ટગ ઓફ વોરમાં ચીની સૈનિકોને આસાનીથી હાર આપી હતી. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હકીકતમાં, સંયુક્ત રાષ્ટ્ર પીસ કીપિંગ મિશન હેઠળ આફ્રિકાના સુદાનમાં તૈનાતી દરમિયાન ભારતીય સૈનિકો અને ચીની સૈનિકો વચ્ચે રમતગમતની સ્પર્ધા યોજાઈ હતી.મંગળવારે માહિતી આપતાં સેનાના એક અધિકારીએ કહ્યું કે, બંને દેશોના સૈનિકો ટગ ઓફ વોરમાં સામસામે હતા. બંને દેશોના સૈનિકો વચ્ચે આ ખૂબ જ રોમાંચક સ્પર્ધા હતી. જેમાં ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોને હરાવ્યા હતા. આ દરમિયાન સમગ્ર રમતની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. જેમાં ભારતીય સૈનિકો જીત બાદ જશ્ન મનાવતા જોવા મળે છે. વીડિયો વાયરલ થયા બાદ ભારતીયો પણ ગર્વ અનુભવી રહ્યા છે.તમને જણાવી દઈએ કે યુનાઈટેડ નેશન્સ પીસ કીપિંગ મિશનનો ઉદ્દેશ્ય યુદ્ધ પ્રભાવિત દેશોમાં ટકાઉ સુરક્ષા અને શાંતિ સ્થાપિત કરવાનો છે. શીત યુદ્ધના સમયથી, સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષા મિશનની રચના ઝડપથી દુશ્મનાવટનો અંત લાવવા, નાગરિકોનું રક્ષણ કરવા અને લાંબા ગાળાની શાંતિ અને સુરક્ષાને ટેકો આપવા માટે કરવામાં આવી છે. આ માટે શાંતિ કરાર લાગુ કરવા માટે લશ્કરી કાર્યવાહી અને મુત્સદ્દીગીરીની જરૂર છે. તેમાં સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોના સૈનિકો, પોલીસ અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે. તેઓ એવા વિસ્તારોમાં તૈનાત છે જ્યાં અન્ય કોઈ દેશ કે સંગઠન શાંતિ સ્થાપી શકતું નથી.

### વડાપ્રધાન મોદીએ નવીન પટનાયક પર કટાક્ષ કરતા કહ્યું

# નવીન બાબુની તબિયત અચાનક કેવી રીતે બગડી? કોઈ ષડયંત્રનો ભાગ તો નથી ને : પીએમ મોદી

**ઓડિશાના મયુરભંજમાં એક જનસભાને સંબોધિત કરતા મોદીએ રાજ્યની BJD સરકાર અને મુખ્યમંત્રી નવીન પટનાયક પર જોરદાર પ્રહારો કર્યા હતા**

મયુરભંજ, તા.૨૯

ઓડિશાના મયુરભંજમાં એક જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યની BJD સરકાર અને મુખ્યમંત્રી નવીન પટનાયક પર જોરદાર પ્રહારો કર્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'આ ચૂંટણીમાં દેશની સાથે-સાથે ઓડિશાનું ભવિષ્ય પણ નક્કી થશે.' આ દરમિયાન પીએમ મોદીએ પણ જાહેરાત કરી હતી કે, 'ઓડિશામાં બીજેપીના CM બનવું નિશ્ચિત છે.' તેમણે રેલીમાં તારીખ પણ જણાવી કે, ઓડિશામાં બીજેપીના CM ૧૦ જૂને શપથ લેવાના છે. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નવીન પટનાયક પર પણ કટાક્ષ કર્યો કે, છેલ્લા એક વર્ષમાં તેમની તબિયત અચાનક કેવી રીતે બગડી? નવીન બાબુની તબિયત કોઈ ષડયંત્રનો ભાગ તો નથી ને? જો અમારી સરકાર બની તો ઓડિશાના સીએમની તબિયત કેમ બગડી રહી છે, તેના માટે અમે વિશેષ સમિતિ બનાવીને તેની તપાસ કરાવીશું.હકીકતમાં, એક દિવસ પહેલા જ નવીન પટનાયકનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેનો એક હાથ ધ્રૂજતો જોવા મળ્યો હતો. આ વીડિયો બહાર આવ્યા બાદ તેના સ્વાસ્થ્યને લઈને અટકળો શરૂ થઈ ગઈ હતી. ત્યારે ઓડિશાના મયુરભંજમાં એક રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અહીંના લોકોએ ૨૫ વર્ષ સુધી બીજુ જનતા દલ (BJD) પર વિશ્વાસ કર્યો, પરંતુ આ પાર્ટીની સરકારે લોકોના વિશ્વાસ સાથે દગો કર્યો. બીજેડી સરકારે આદિવાસીઓની જમીન હડપ કરી છે અને અહીંના કુદરતી સંસાધનોને લૂંટી લીધા છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ બીજેડી સરકાર પર આદિવાસીઓની જમીન હડપ કરવાનું ષડયંત્ર રચવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, બીજેડી સરકારે આદિવાસીઓની જમીન હડપ કરવા માટે કાયદો લાવ્યો પરંતુ જ્યારે ભાજપે દબાણ કર્યું તો તે કાયદો પાછો ખેંચવો પડ્યો. વડાપ્રધાને નિશાન સાધ્યું કે, જો તેમને ફરીથી સરકાર ચલાવવાની તક મળશે તો તેઓ ફરી એકવાર આદિવાસીઓની જમીન હડપ કરવાનું ષડયંત્ર રચશે. વડાપ્રધાન મોદી કહ્યું કે, જેણે પણ અહીંના સંસાધનોને લૂંટ્યા છે તેને પરત કરવા પડશે, લૂંટનો માલ ગમે ત્યાં છુપાવે છે, મોદી એક એક પૈસો કાઢી લેશે. લૂંટારાઓ જેલમાં જશે. જનતા સાથે દગો કરનારાઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ રાખવામાં આવશે નહીં. વડાપ્રધાને અહીં ફરી એકવાર રત્ન ભંડારની ચાવીઓનો મુદ્દો ઉઠાવ્યો અને પટનાયક સરકારને પણ ઘેરી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, આખો દેશ જાણવા માંગે છે કે રત્ન ભંડારની ચાવીઓ ક્યાં ગઈ? તપાસ રિપોર્ટમાં કોનું નામ છે? આ સાથે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, બીજેડી સરકાર જે પણ છુપાવી રહી છે, અમારી સરકાર તેને જાહેર કરશે.વડાપ્રધાન મોદીએ અહીં કહ્યું કે, કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે દેશમાં ક્યારેય મફત સારવાર અને અનાજ મળી શકશે. આ માત્ર ટ્રેલર છે, આવનારા પાંચ વર્ષમાં ઘણી વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે. જે વિકાસ દાયકાઓમાં દેખાતો ન હતો તે માત્ર એક દાયકામાં દેખાઈ ગયો છે. ૨૦૧૪માં આપણે વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી. પરંતુ આજે તે ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. વડાપ્રધાન મોદીએ બુધવારે સવારે પશ્ચિમ બંગાળના મથુરાપુરમાં TMC પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ટીએમસી પશ્ચિમ બંગાળની ઓળખને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. બંગાળના મઠો અને સંતોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ટીએમસી સમર્થકો ધાર્મિક સંસ્થાઓ અને આશ્રમો પર હુમલા કરી રહ્યા છે. ટીએમસી અને INDI ગઠબંધનથી બંગાળમાં વિકાસ અટકી ગયો છે.

### ગુજરાત હાઈકોર્ટની ટકોર બાદ તંત્ર જાગ્યું

# રાજકોટમાં જ ૮ ગેમઝોન સંચાલકો સામે ફરિયાદ

**રાજકોટના વર્ષો જુના પ્રખ્યાત ક્રિષ્ના વોટર પાર્ક તેમજ ફન બ્લાસ્ટ સહિત ૮ ગેમ ઝોન સંચાલકો સામે ફરિયાદ**

રાજકોટ, તા.૨૯

સુરતમાં પણ સરકારી તંત્ર સક્રિય થયું છે. શહેરમાં ગેરકાયદેસર રીતે ચાતાં પાંચ ગેમઝોન સામે ગુનો નોંધાયો છે. રાંદેર, પાલ, વેસુ, ઉમરાના ૫ ગેમઝોનના માલિકો સામે પગલા લેવાયા છે. વડોદરા કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા છેલ્લા ૩ દિવસમાં ફાયર એનઓસી વગર ચાલતા ગેમ ઝોન તેમજ હોસ્પિટલો, રેસ્ટોરન્ટો, શોપિંગ મોલો તેમજ કોમર્શીયલ બિલ્ડિંગોમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ગેમ ઝોન બંધ કરાવવા ઉપરાંત સીલ મારવાની અને નોટિસો આપવાની કાર્યવાહી કરવામાં હતી. આ કામગીરી માટે પાલિકાના વિવિધ વિભાગો તેમજ પોલીસતંત્રની ૧૬ ટીમો બનાવી કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટ અગ્નિકાંડ ની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન ન થાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આ પ્રકારની જગ્યાઓ પર ખાસ ચેકીંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જીલ્લા પોલીસ વડાઓને ગેરકાયદેસર ચાલતા ગેમ ઝોનમાં ચેકીંગ કરવા સૂચના આપવામાં આવી છે. જે ગેમ ઝોનનું ફાયર NOC તથા લાયસન્સ મેળવેલ ન હોય તેવા સંચાલકો સામે ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.રાજકોટમાં TRP ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમાં ૨૮ લોકોના મૃત્યુ થયા બાદ હવે તંત્ર સફાળું જાગ્યું છે. ફાયર NOC ન હોય તેવા ૮ ગેમ ઝોન સંચાલકો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. રાજકોટના વર્ષો જુના પ્રખ્યાત ક્રિષ્ના વોટર પાર્ક તેમજ ફન બ્લાસ્ટ સહિત ૮ ગેમ ઝોન સંચાલકો સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બીજી તરફ રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કોંગ્રેસ અને NSUIએ હોબાળો કર્યો છે. ગેમ ઝોનમાં પેટ્રોલનો જથ્થો ક્યાંથી આવ્યો તે અંગે સવાલો ઉઠાવી પુરવઠા અધિકારીનુ રાજીનામું લેવા માંગ કરવામા આવી છે. ચીફ ફાયર ઓફિસરને ડિસમિસ કરવાની માંગ કરી છે.

બીજી તરફ અમદાવાદમાં પણ ગેમઝોન સામે તંત્ર એક્શનમાં આવ્યું છે. આજે શહેરમાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલા ચાર ગેમઝોનના માલિકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં ગોતામાં બે, નિકોલમાં એક અને આનંદનગરના એક ગેમઝોન સામે કાર્યવાહી કરાઈ છે. લાયસન્સ અને NOC વિના ચાલતા ગેમઝોનના માલિકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તે ઉપરાંત શહેરના સિંધુભવન રોડ ઉપર આવેલું મોટું SHOTS ગેમ ઝોનને પણ ઉત્તર પશ્ચિમના એસ્ટેટ વિભાગ દ્વારા સીલ મારવામાં આવ્યું છે. મેં પરમિશન મુજબનું બાંધકામ નહીં હોવાના કારણે તેને સીલ મારવામાં આવ્યું છે. ચેકિંગ દરમિયાન શીલજ વિસ્તારમાં આવેલા ત્રણ ગેમ ઝોન પરમિશન વિના જ ખુલ્લા પ્લોટમાં ચાલુ કરી દેવામાં આવ્યા હતા. તેમજ બે ગેમ ઝોન દ્વારા ફાયર NOC લેવામાં આવી નહોતી. અમદાવાદમાં સિંધુભવન રોડ પર આવેલું SHOTS ગેમ ઝોન સહિત ૫ સીલ કરવામાં આવ્યા હતાં.

સુરતમાં પણ સરકારી તંત્ર સક્રિય થયું છે. શહેરમાં ગેરકાયદેસર રીતે ચાતાં પાંચ ગેમઝોન સામે ગુનો નોંધાયો છે. રાંદેર, પાલ, વેસુ, ઉમરાના ૫ ગેમઝોનના માલિકો સામે પગલા લેવાયા છે. વડોદરા કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા છેલ્લા ૩ દિવસમાં ફાયર એનઓસી વગર ચાલતા ગેમ ઝોન તેમજ હોસ્પિટલો, રેસ્ટોરન્ટો, શોપિંગ મોલો તેમજ કોમર્શીયલ બિલ્ડિંગોમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ગેમ ઝોન બંધ કરાવવા ઉપરાંત સીલ મારવાની અને નોટિસો આપવાની કાર્યવાહી કરવામાં હતી. આ કામગીરી માટે પાલિકાના વિવિધ વિભાગો તેમજ પોલીસતંત્રની ૧૬ ટીમો બનાવી કાર્યવાહી કરવામાં આવી છે.

### મોદીએ ૨૪ પરગણા જિલ્લામાં રેલી સંબોધી

# ચૂંટણીના પરિણામના ૬ મહિનાની અંદર આવશે રાજકીય ભૂકંપ : મોદી

**તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકાર રાજ્યની ડેમોગ્રાફીમાં બદલાવનો પ્રયાસ કરી રહી છે**

કાકદ્વિપ, તા.૨૯

પીએમ નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે ૪ જૂને લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થવાના છ મહિનાની અંદર દેશની રાજનીતિમાં મોટી ઉથલપાથલ થશે. તેમણે કહ્યું કે બંગાળની મમતા બેનરજી સરકાર રાજ્યની ડેમોગ્રાફીમાં બદલાવનો પ્રયાસ કરી રહી છે. 'તમારો એક વોટ દેશની રાજકીય દિશા બદલી નાખશે. ૪ જૂન પછી આગામી ૬ મહિનામાં મોટો રાજકીય ભૂકંપ આવશે. વંશવાદી રાજકારણ પર આધાર રાખતા ઘણા રાજકીય પક્ષો આપમેળે ખતમ થઈ જશે. તેમના કાર્યકરો થાકી ગયા છે. તેઓ પોતે જાણે છે કે દેશ કઈ દિશામાં આગળ વધી રહ્યો છે અને તેમની પાર્ટીઓની સ્થિતિ શું છે. જો કે પીએમ મોદી ક્યા રાજકીય ભૂકંપની વાત કરી રહ્યા હતા તે નથી કહ્યું.પીએમ મોદીએ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વિપમાં એક રેલીને સંબોધિત કરતા આ વાત કહી. અહીં તેમણે ત્રણ બેઠકો પરથી ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કર્યો હતો. આ દરમિયાન ડાયમંડ હાર્બર, મથુરાપુર અને જોયનગરના ભાજપના ઉમેદવારો પણ હાજર હતા. પીએમ મોદીએ કહ્યું કે મમતા સરકાર તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, સંતો પર હુમલા થાય છે. આ ઉપરાંત કેન્દ્રીય યોજનાઓ પણ બંધ કરવામાં આવી રહી છે. બંગાળમાં ઘૂસણખોરી ઝડપથી વધી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે આ લોકો ઈચ્છે છે કે ઘૂસણખોરો બંગાળમાં આવીને સ્થાયી થાય.તેમણે કહ્યું કે, 'ઘૂસણખોરો બંગાળના યુવાનોના હાથમાંથી તકો છીનવી રહ્યા છે. તેઓ તમારી જમીન અને મિલકતો પર કબજો જમાવી રહ્યા છે. સમગ્ર દેશમાં આ અંગે ચિંતાનો માહોલ છે. સરહદી વિસ્તારોની વસ્તી બદલાઈ રહી છે. આખરે ટીએમસી કેમ સીએએનો વિરોધ કરે છે અને જૂઠ ફેલાવે છે? ઉલ્લેખનીય છે કે પીએમ મોદી છેલ્લા તબક્કાના પ્રચારમાં વ્યસ્ત છે. આ અંતર્ગત ૧ જૂને બંગાળની ૯ લોકસભા સીટો પર મતદાન થવાનું છે.

### દેશભરમાં ગરમીનું તાંડવ

# દેશના પહાડી રાજ્યોમાં પણ ગરમીએ હાહાકાર મચાવ્યો

**બે દિવસ બાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી થોડી રાહત થઈ શકે**

**રાજસ્થાનમાં ગરમીએ ૨૫ વર્ષનો જૂનો રેકોર્ડ તોડ્યો**

નવી દિલ્હી, તા.૨૯

દેશભરમાં વિષણ ગરમીથી લોકો ત્રાસી ગયા છે ત્યારે હાલમાં પહાડી રાજ્યોમાં પણ ગરમી હાહાકાર મચાવી રહી છે જોઈએ તો રાજસ્થાનમાં ગરમી એ ૨૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે ત્યારે દિલ્હીમાં ગરમીનું તાપમાન ૫૦ ડિગ્રી નોંધાયો છે. જમ્મુ-કાશ્મીરના જમ્મુ ડિવિઝનમાં પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. જેના કારણે શાળાઓમાં રજા જાહેર કરવી પડી હતી. આકાશમાંથી વરસી રહેલા આગના કારણે ઉત્તર ભારતમાં ઉકળવા લાગ્યું છે. રાજસ્થાનના ચુરુમાં પણ તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. અન્ય શહેરોમાં પણ તાપમાન ૪૮-૪૯ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. દિલ્હીમાં પણ તાપમાન ૫૦ ડિગ્રીને સ્પર્શી રહ્યું છે. તે જ સમયે, યુપીના ઝાંસીમાં દિવસનું તાપમાન ૪૯ ડિગ્રી હતું. આગરામાં તાપમાન ૪૮.૬ ડિગ્રી અને વારાણસીમાં ૪૭.૬ ડિગ્રી હતું. જમ્મુ-કાશ્મીરના જમ્મુ ડિવિઝનમાં પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. જેના કારણે શાળાઓમાં રજા જાહેર કરવી પડી હતી. હિમાચલના ઉનામાં પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. જયપુર સ્થિત હવામાન કેન્દ્રે જણાવ્યું કે મંગળવારે ચુરુ દેશમાં સૌથી ગરમ હતું. અહીં મહત્તમ તાપમાન ૫૦.૫ ડિગ્રી નોંધાયું હતું, જે આ સિઝનમાં સૌથી વધુ છે. આ પહેલા ૧ જૂન ૨૦૧૯ના રોજ તાપમાનનો પારો ૫૦.૮ ડિગ્રી નોંધાયો હતો. ચુરુ સિવાય રાજસ્થાનના ગંગાનગરમાં ૪૯.૪, પિલાની અને ઝુંઝુનુમાં ૪૯, બિકાનેરમાં ૪૮.૩, કોટામાં ૪૮.૨, જેસલમેરમાં ૪૮ અને જયપુરમાં ૪૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અગાઉ ૨ મે ૧૯૯૯ના રોજ પિલાનીમાં મહત્તમ તાપમાન ૪૮.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજ્ય સરકારે અત્યંત જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળવાનું કહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજધાનીના ત્રણ કેન્દ્રો પર તાપમાન ૫૦ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. મુંગેશપુર અને નરેલામાં મહત્તમ તાપમાન ૪૯.૯ ડિગ્રી સેલ્સિયસ અને નજફગઢમાં ૪૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વિભાગે જણાવ્યું હતું કે લોકોને ઓછામાં ઓછા બે દિવસ સુધી ભારે ગરમી અને હીટ વેવથી રાહત મળવાની નથી. મુંગેશપુર અને નરેલામાં મહત્તમ તાપમાન ૪૯.૯ ડિગ્રી સેલ્સિયસ અને નજફગઢમાં ૪૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે દિલ્હીના સ્ટાન્ડર્ડ સેન્ટર સફદરજંગમાં તાપમાન પાંચ ડિગ્રી વધુ ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૫૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આયાનગરમાં મંગળવારે અને રિજમાં ૫૧ વર્ષમાં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. આયાનગરના ૧૯૬૭ થી ૨૦૨૩ સુધીના મહત્તમ તાપમાનના ડેટા પર નજર કરીએ તો, ૨૮ મે, ૧૯૮૮ના રોજ તાપમાન ૪૭.૪ ડિગ્રી અને ૧૧ જૂન, ૨૦૧૯ના રોજ ૪૭ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે મંગળવારે તે ૪૭.૬ નોંધાયું હતું. તે જ સમયે, રિજમાં મંગળવારે તાપમાન ૪૭.૫ નોંધાયું હતું, જે એક સર્વકાલીન રેકોર્ડ બની ગયું હતું. રિજના ૧૯૭૩ થી ૨૦૨૩ સુધીના ડેટા અનુસાર, ૧૬ મે, ૨૦૨૨ના રોજ તાપમાન ૪૭.૨ ડિગ્રી અને ૭ જૂન, ૨૦૧૪ના રોજ ૪૬.૩ ડિગ્રી નોંધાયું હતું.હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ.કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું કે રાજધાનીમાં સફદરજંગ સ્ટાન્ડર્ડ સેન્ટર છે. મંગળવારે મહત્તમ તાપમાન ૪૫.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. મહત્તમ તાપમાન છેલ્લા ચાર વર્ષમાં બીજા ક્રમે છે. ૨૭ મે, ૨૦૨૦ ના રોજ, સફદરજંગમાં તાપમાન ૪૬ ડિગ્રી નોંધાયું હતું. ૧૯૩૧ થી ૨૦૨૩ સુધીના તમામ સમયના રેકોર્ડની વાત કરીએ તો, સફદરજંગમાં ૨૯ મે, ૧૯૪૪ના રોજ ૪૭.૨ ડિગ્રી અને ૧૭ જૂન, ૧૯૪૫ના રોજ ૪૬.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હજુ બે દિવસ આ ગરમી ચાલુ રહેશે. બુધવારે પણ ગરમી અને લહેરનું રેડ એલર્ટ છે. આ સમયગાળા દરમિયાન તાપમાન ૪૬ ડિગ્રી રહેવાની શક્યતા છે. જ્યારે દિવસ દરમિયાન ગરમીની સ્થિતિ યથાવત રહેશે. દિવસ દરમિયાન ૨૫-૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ધૂળવાળો પવન ફૂંકાશે. ૩૦ મેના રોજ પણ લગભગ આવી જ સ્થિતિ રહેશે. સાંજથી હવામાનમાં પલટો આવશે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૩૧ મે અને ૧ જૂને તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો થોડો ઘટાડો થશે. વિભાગે ૩૧ મે અને ૧ જૂનના રોજ હળવા વરસાદ અને ધૂળવાળા પવનની આગાહી કરી છે. જૂનના પ્રથમ સપ્તાહ સુધીમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થાય તો પણ ગરમી ૪૫ ડિગ્રીથી વધુ રહેશે. કાનપુર, બુંદેલખંડમાં હીટસ્ટ્રોક અને તાવને કારણે ૧૨ લોકોના મોત થયા હતા. મહોબામાં સૌથી વધુ છ લોકો, હમીરપુરમાં ત્રણ અને બાંદામાં બે લોકોના મોત થયા છે. તે જ સમયે, ચિત્રકૂટમાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. યુપીમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ઝાંસીમાં પારો ૪૯ ડિગ્રીએ પહોંચ્યો હતો, જે ૧૩૨ વર્ષમાં સૌથી વધુ છે. આગ્રા, હમીરપુર અને પ્રયાગરાજમાં પારો ૪૮.૨ ડિગ્રી, કાનપુર અને વારાણસીમાં ૪૭.૬ ડિગ્રી અને ફતેહપુરમાં ૪૭.૨ ડિગ્રી હતો, જે મે મહિનાનો અત્યાર સુધીનો રેકોર્ડ છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુરુવારે ઉત્તરપશ્ચિમ ભારતમાં પશ્ચિમી વિક્ષેપ બનવાની ધારણા છે, જે સપ્તાહના અંતમાં આ પ્રદેશમાં વરસાદનું કારણ બની શકે છે. જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે.

### રાજ્યમાં ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ

# શહેરના ગેરકાયદે ગેમ ઝોન સંચાલકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

**અમદાવાદના સોલા પોલીસ સ્ટેશનમાં બે, આનંદનગર અને નિકોલના એક સંચાલકો સામે ગુનાઓ નોંધાયા**

અમદાવાદ, તા.૨૯

રાજકોટ અગ્નિકાંડને પગલે સમગ્ર રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જિલ્લા પોલીસ વડાઓ સહિતના અધિકારીઓની ઊંઘ ઊડી ગઈ છે. સમગ્ર તંત્રને સરકાર દ્વારા રાજ્યમાં ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ કરવાની સખત તાકીદ કરવામાં આવી છે અને તેને આધારે કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે, તેના આદેશના પગલે અમદાવાદમાં પણ તંત્ર કામે લાગી ગયું હતું. દરમિયાનમાં શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં બે અને આનંદનગર તથા નિકોલના એક એક સંચાલકો સામે ગેરકાયદે ગેમ ઝોન ચલાવવાના આરોપ સર ગુના નોંધવામાં આવ્યા છે. શહેરના ચાર ગેમ ઝોનના માલિક વિરુદ્ધ પોલીસે ગુનાઓ નોંધવાની તજવીજ હાથ ધરી છે. સોલા, આનંદનગર અને નિકોલ પોલીસે તેમની હદમાં ચાલતા ગેરકાયદે ગેમ ઝોનના માલિકો વિરુદ્ધ કોર્પોરેશનના અભિપ્રાય બાદ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. ગોતામાં આવેલા ફન ગ્રીટો, જોધપુર સીમા હોલ નજીક ફાયર એનઓસી તથા પોલીસ પરવાનગી વિના ચાલી રહેલા ગેમ ઝોનને સીલ મારવામાં આવ્યું છે.તેના સંચાલક વિજય પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. બીજીતરફ નિકોલના પ્લેટિનિયમ પ્લાઝામાં આવેલા ફન કેમ્પસ ગેમઝોનમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ ફાયર એન.ઓ.સી તથા પોલીસ પરવાનગી ઉપરાંત હવા-ઉજાસ માટેની બારીઓ ઉપલબ્ધ નહીં હોવાના કારણોસર કોર્પોરેશન દ્વારા ગેમ ઝોનને સીલ કરી દેવાયું છે. સાથે જ નિકોલ પોલીસ સ્ટેશને ગેમ ઝોનના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.શહેરની સોલા, આનંદનગર તથા નિકોલ પોલીસે તેમના વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ગેમ ઝોનના માલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ગોતામાં આવેલા ફન ગ્રીટોમાં પણ સરકારી નિયમોને નેવે મૂકીને ગેમ ઝોન ચલાવવામાં આવતું હતું, જોધપુરમાં સીમા હોલ નજીક આવેલા ગેમ ઝોનમાં ફાયર એન.ઓ.સી,પોલીસ મંજૂરી તથા અન્ય બીજી જરૂરી પરવાનગી મેળવી ન હતી. તેવી જ રીતે નિકોલમાં પ્લેટીનીયમ પ્લાઝામાં ચાલતા ગેમ ઝોનમાં પણ કોઈપણ જાતની પરવાનગી વિના ગેમ ઝોન બેફામ ચલાવવામાં આવતું હોવાથી નિકોલ પોલીસે ગેમ ઝોનના માલિક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટની TRP ગેમઝોનની ગોજારી દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગના અધિકારીઓની બેઠકમાં આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન થાય નહીં તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આવી જગ્યાઓ પર ખાસ ચેકિંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જિલ્લા પોલીસ વડાઓને ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ કરવા અને જે ગેમ ઝોનનું ફાયર NOC ન હોય તથા લાઈસન્સ ન હોય તેમજ નિયમ મુજબની કાર્યવાહી કરી ન હોય તેના માલિકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.TRP ગેમઝોનની ગોજારી દુર્ઘટનાને પગલે શહેરમાં પણ ચેકિંગ હાથ ધરાયું હતું અને જે ગેમ ઝોનનું ફાયર NOC ન હોય તથા લાઈસન્સ ન તેવા ગેમ ઝોન સીલ કરવામાં આવ્યા હતા જે ગેમ ઝોનમાં ૧. ટોય જોય ટેલ્સ, સેટેલાઈટ , ૨. શોટ્સ, સિંધુ ભવન રોડ , ૩. ઈન્ડી કર્ટિંગ, શીલજ, ૪. ફ્રેન્ડલી કાર્ટિંગ, શીલજ , ૫. પીકલ બોલ ક્લબ, શીલજ ઉપરાંત આનંદનગર સીમ હોલમાં આવેલા ગેમ ઝોન, ચાંદલોડિયામાં આવેલો જોય એન્ડ જોય, ઘુમા આવેલા જોય બોક્સ, આરોહી રોડ પર આવેલા ફોન ઝોનનો સમાવેશ થાય છે.

### ભાજપના સાંસદનો દાવો પોલીસે ફગાવ્યો

# સંપૂર્ણ રીતે સુરક્ષિત છે સ્ટ્રોંગ રૂમ, EVM અને CCTV

**BJP ઉમેદવાર સૈમિત્ર ખાએ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ અને સીસીટીવી સાથે છેડછાડ થવાનો આરોપ લગાવ્યો હતો**

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળની વિષ્ણુપુર સીટથી સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સૈમિત્ર ખાએ થોડા દિવસો પહેલા સ્ટ્રોગ રૂમમાં ઈવીએમ અને સીસીટીવી સાથે છેડછાડ થવાનો આરોપ લગાવ્યો હતો. બુધવારે બાંકુરા પોલીસે આ આરોપો અંગે સ્પષ્ટતા કરી હતી. પોલીસે આરોપોનું ખંડન કરતા કહ્યું કે સ્ટ્રોગ રૂમ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.

બાંકુરા પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું, 'કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે ૩૭-વિષ્ણુપુર લોકસભા મતવિસ્તારના સ્ટ્રોંગ રૂમમાં EVM અને CCTV સાથે છેડછાડનો આરોપ લગાવતા વણચકાસાયેલ વીડિયો પોસ્ટ કર્યા છે. પોસ્ટ્સ હકીકતમાં ખોટી અને ભ્રામક છે. ચૂંટણી પંચના પ્રોટોકોલ મુજબ વિષ્ણુપુરનો સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણપણે સુરક્ષિત છે. પોલીસે લખ્યું, 'સ્ટ્રોંગ રૂમ કોમ્પ્લેક્સમાં પોલીસ અધિકારીઓને દર્શાવતો વીડિયો સીએપીએફ જવાનોની હાજરીમાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થાના નિયમિત નિરીક્ષણના સમયનો છે. ચૂંટણી પંચના પ્રોટોકોલ મુજબ આવા તમામ નિરીક્ષણો ફરજિયાતપણે CAPF ની લોગબુકમાં નોંધવામાં આવે છે.

સ્ટ્રોંગ રૂમના દરવાજા સંપૂર્ણપણે સીલ કરવામાં આવે છે, જે ચૂંટણી લડતા ઉમેદવારોની હાજરીમાં કરવામાં આવે છે.'રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ નજર રાખી રહ્યા છે' પોસ્ટમાં આગળ લખવામાં આવ્યું છે કે, 'અન્ય વિડિયોમાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લઈને જતી જોવા મળેલી વ્યક્તિ ચૂંટણી પંચનું માન્ય આઈડી કાર્ડ ધરાવનાર અધિકૃત વ્યક્તિ છે. વીડિયોમાં તે સ્પષ્ટપણે કહેતો જોઈ શકાય છે કે તે સ્ટ્રોંગ રૂમના નહીં પણ DC/RCના સીસીટીવી કેમેરા હટાવવા આવ્યો છે.પોલીસે સ્પષ્ટતા કરી કે, 'સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી કેમેરા લાગેલા છે અને તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ચોવીસ કલાક તેમના પર નજર રાખી રહ્યા છે. DC/RC એરિયા સ્ટ્રોંગ રૂમથી અલગ છે અને ઈફસ જમા થયા પછી તેને લોક કરી દેવામાં આવે છે. તેથી ડીસી/આરસી કેમેરા હવે ઉપયોગી નથી. સ્ટ્રોંગ રૂમના સીસીટીવી કેમેરા ન તો બદલાયા છે અને ન તો હટાવાયા છે.

બાંકુરા પોલીસે જણાવ્યું કે, 'તમામ ઉમેદવારોએ તારીખ ૨૭ મેની સાંજે રિટર્નિંગ ઓફિસરની સાથે સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી અને સ્ટ્રોંગ રૂમની સુરક્ષા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકે વ્યક્તિગત રીતે સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી અને જોયું કે તમામ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે. સ્ટ્રોંગ રૂમ સલામત, સુરક્ષિત અને સંપૂર્ણપણે CCTV સર્વેલન્સ હેઠળ છે. CAPFs અને રાજ્ય સશસ્ત્ર પોલીસની દ્વિસ્તરીય સુરક્ષા ચોવીસ કલાક સતર્ક ફરજ પર છે.

### ૧ જૂનના રોજ યોજાશે અંતિમ તબક્કાની ચુંટણી

# AAP પંજાબમાં ૧૩માંથી ૧૩ બેઠકો જીતશે : કેજરીવાલ

**નરેન્દ્ર મોદી વારાણસી બેઠક પરથી લડી રહ્યા છે ચુંટણી**

નવી દિલ્હી, તા.૨૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪નો સાતમો અને અંતિમ તબક્કો ૧ જૂન, શનિવારે યોજાવાની છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂરી થાય તે પહેલા રાજકીય પક્ષોના પ્રચારનો આજે બીજો-છેલ્લો દિવસ છે અને ૪ જૂને પરિણામો જાહેર થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં પશ્ચિમ બંગાળની બે દિવસીય મુલાકાતે છે અને ડાયમંડ હાર્બરમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરો, જે તૃણમૂલ કોંગ્રેસનો ગઢ છે. ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જી, જે સંસદના વર્તમાન સભ્ય છે, તે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. સામાન્ય ચૂંટણીમાં સીટ પર મતદાન થવાના બે દિવસ પહેલા પીએમ મોદી બુધવારે કોલકાતામાં રોડ શો કરે તેવી પણ અપેક્ષા છે. પશ્ચિમ બંગાળની મુલાકાત પૂર્ણ કર્યા બાદ પીએમ નરેન્દ્ર મોદી આજે ઓડિશામાં ત્રણ રેલીઓ કરવાના છે. તેઓ બાલાસોર, મયુરભંજ અને કેન્દ્રપાડામાં જાહેર સભાઓને સંબોધશે. નોંધનીય છે કે સામાન્ય ચૂંટણીના અંતિમ તબક્કાની સાથે ઓડિશાની વિધાનસભાની ચૂંટણી પણ ૧ જૂનના રોજ પૂર્ણ થશે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ૨૮ મેના રોજ વારાણસીમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે સંયુક્ત રેલી કરી હતી, જે શનિવારે ચૂંટણીમાં જવા માટે તૈયાર છે. પીએમ મોદી વારાણસી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે, કોંગ્રેસે તેમની સામે અજય રાયને મેદાનમાં ઉતાર્યા છે.રાહુલ ગાંધીએ મંગળવારે વારાણસીમાં કહ્યું, "હું તમને ગેરંટી સાથે કહું છું કે ૪ જૂન પછી નરેન્દ્ર મોદીજી આ દેશના વડાપ્રધાન નહીં બને." "બંને વચ્ચેની હરીફાઈ તીવ્ર છે અને આ હરીફાઈમાં અજય રાય જીતી શકે છે," તેણે કહ્યું.

### કોંગ્રેસનો ભાજપ સાંસદ પર ગંભીર આરોપ

# ભાજપના ઉમેદવાર મનોજ તિવારી પર બોગસ વોટિંગનો આરોપ

**દિગ્વિજય સિંહે મનોજ તિવારી પર લગાવ્યો આરોપ**

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીમાં મતદાનના ચાર દિવસ બાદ કોંગ્રેસ પાર્ટીએ ગંભીર આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ સીએમ દિગ્વિજય સિંહે નોર્થ ઈસ્ટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર મનોજ તિવારી પર બોગસ વોટિંગનો આરોપ લગાવ્યો હતો. દિગ્વિજય સિંહે એક વીડિયો પણ શેર કર્યો છે જેમાં લોકો એક બૂથની બહાર હોબાળો મચાવતા દેખાય છે અને તેઓ આરોપ મૂકી રહ્યા છે કે મનોજ તિવારી બૂથની અંદર બોગસ વોટિંગ કરાવી રહ્યા હતા. વીડિયોમાં દેખાય છે કે ગેટ બંધ હતો ત્યારે મનોજ તિવારી અંદર જ હતા અને જેવા જ તે બહાર આવે છે ત્યારે લોકો નારેબાજી કરવાની શરૂઆત કરી દે છે અને કહે છે કે આ રીતે ૪૦૦ પાર થશે...? દિગ્વિજય સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે આ વીડિયો નોર્થ ઈસ્ટ દિલ્હીનો છે જ્યાં મનોજ તિવારી પોલીસની સુરક્ષામાં તેમની ટીમ સાથે પોલિંગ બૂથમાં હતા. આ સમયે મતદાન ચાલુ હતું. એ ચોક્કસ છે કે બોગસ વોટિંગ થઈ રહ્યું છે. જ્યારે સંઘના લોકો લોકતંત્રની હત્યા કરી રહ્યા હતા તો મેઈન ગેટ બંધ હતું. તેને ધ્યાનમાં લઈને શું ચૂંટણી પંચ નિરીક્ષકો અને બૂથના અધિકારીઓ પાસેથી રિપોર્ટ માગશે? મતદાન વચ્ચે ગેટ બંધ કરવાની જરૂર કેમ પડી? જ્યારે આ મામલે સાંસદ મનોજ તિવારીની કોઈ પ્રતિક્રિયા સામે આવી નહોતી. ઉલ્લેખનીય છે કે અનેક જગ્યાએ બોગસ વોટિંગના આરોપો લાગતા રહ્યા છે. જેના બાદથી રાજકારણ ગરમાયું છે.

# રાજુલાની શાળા નંબર–૪ માં સમર યોગ યોજાયો



રાજુલા શહેરમાં શાળા નંબર–૪ માં ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ ધ્વારા સમર યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા સાતથી આઠ દિવસ બાળકો, બાળાઓને સૂર્ય નમસ્કાર તેમજ પ્રાચીન ઋષિમુનિઓ ધ્વારા જે આશ્રમોમાં યોગ કરવામાં આવતા હતા તે પરંતરા મુજબ યોગ કરાવ્યા હતા. દરેક બાળકોને યોગનું પુસ્તક તેમજ કેપ દેવામાં આવી હતી. પ્રાચીન પરંપરા મુજબ છેલ્લા દિવસે યજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનાં મુખ્ય ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ ચેરમેન શશીપાલજીના નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લા કો. નિકિતાબેન રાજુલા, ભૂમિબેન યોગ કોચ સંચાલક, ઉર્મિલાબેન રવૈયા યોગ કોચ સંચાલક, ભરતભાઈ પરમાર સહ સંચાલક. દેવશીભાઈ બાંભણિયાની અખબારી યાદીમાં જણાવે છે.

### આગામી ૪ જુને મતગણતરી થવાની હોય

## અમરેલીમાં મતગણતરી મથકની આજુબાજુમાં ૪ કરતા વધુ માણસોનાં ભેગા થવા પર પ્રતિબંધ

### ૨૦૦ મીટર વિસ્તારમાં નિયમ લાગુ રહેશે

અમરેલી, તા. ૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત આગામી તા. ૪ જૂન, ૨૦૨૪ને મંગળવારના રોજ અમરેલી સ્થિત પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે મતગણતરી યોજાશે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ–૧૪૪ હેઠળ અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. નિયત કરવમાં આવેલા મતગણતરી મથક પર સરળ બને શાંતિપૂર્ણ રીતે મતગણતરી થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે (૧) મતગણતરી મથકોની આજુબાજુના ૨૦૦ મીટર વિસ્તારમાં સવારે ૬ વાગ્યાથી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી રાજય માર્ગો, શેરીઓમાં ગલીઓમાં કે પેટા ગલીઓમાં ચાર કરતા વધુ માણસોના ભેગા થવા પ્રતિબંધ રહેશે. (૨) મતગણતરી સ્થળ પર સલામતી દળ દ્વારા કોર્ડન કરવામાં આવેલા પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યકિત મતગણતરીના દિવસે સેલ્યુલર, કોર્ડલેસ, મોબાઈલ ફોન, વાયરલેસ સેટ વગેરે ઉપકરણો સાથે લઈ જ શકશે નહીં અને તેનો ઉપયોગ કરી શકશે નહી. (૩) સક્ષમ સતાધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતના અધિકૃત પ્રવેશ પાસ વિના કોઈપણ વ્યકિત મતગણતરી કેન્દ્રમાં દાખલ થઈ શકાશે નહી. (૪) ઉમેદવાર, તેમના ચૂટણી એજન્ટ કે તેમના મતગણતરી એજન્ટ કે જેમને મતદાર વિભાગ માટે મતગણતરી હોલમાં પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવ્યા હોય તે સિવાય અન્ય મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશ મેળવી શકશે નહી. ઉમેદવાર તેમના ચૂંટણી એજન્ટ કે તેમના મતગણતરી એજન્ટે તેમને બેસવા માટે નિયત કરવામાં આવેલી જગ્યાએ જ બેસવાનું રહેશે.

ક્રમ નં.(૧) થી મૂકવામાં આવેલા પ્રતિબંધ, મતગણતરીના કાર્યમાં રોકાયેલા અને પરવાનગી મેળ વી આવેલા અધિકારી–કર્મચારી, હરિફ ઉમેદવાર તથા મતગણતરી એજન્ટોને મતગણતરી સ્થળ પૂરતો લાગુ પડશે નહીં. ઉપકરોત ક્રમ નં. (૨) થી મૂકવામાં આવેલા પ્રતિબંધ મતગણતરી માટે ભારતના ચૂંટણી આયોગ દ્વારા મૂકવામાં આવેલ નિરીક્ષકઓ તથા ચૂંટણી અધિકારીને લાગુ પડશે નહી. આ જાહેરનામુ તા.૦૪ જૂન, ૨૦૨૪ના રોજ સવાર ૬ વાગ્યાથી મતગણતરી પૂર્ણ ન થાય તથા આખરી પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

## અમરેલીના તપોવન આશ્રમમાં વડીલોનું ચેક અપ કરવામાં આવ્યું



અમરેલી, તા.૨૯

અમરેનલીના તપોવન આશ્રમ ખાતે તા.૨૬/૫/૨૦૨૪ ને રવિવારના રોજ ડો.ચિરાગભાઈ કોલડીયા, ડો.પૃથ્વીબેન રાખોલીયા, ડો.હર્ષીલભાઈ જોષી, ડો. પ્રિયલબેન મકવાણા,આ ડોકટર અને તેમની ફીઝીયોથેરાપી ટીમે તમામ વૃધ્ધ વડીલોની મેડીકલ ચેકઅપ કરી તેમજ હાથ – પગના, સાંધાના, ગોઠણના દુખાવા અંગે પુછપરછ કરી તપાસ કરી યોગ્ય ટ્રીટમેન્ટ કરી હતી.

ઉપરાંત સાથે આવેલ વેપારી મિત્રો મયુરભાઈ સાગલાણી, વિજયભાઈ ખુબચંદાણી, હરેશભાઈ ખુબચંદાણી, નીરજભાઈ ખુબચંદાણીએ તમામ વડીલોને મળીને પારીવારીક ભાવથી ખબર – અંતર પુછયા હતા.

આ અવસરે ડોકટર ટીમ તથા વેપારી ટીમ એ 'સારહી તપોવન આશ્રમ ના સ્વપ્ન દ્રષ્ટા' – પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તથા સમગ્ર સારહી પરીવાર' ને અભિનંદન પાઠવેલ.

### શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

## અમરેલી ખાતે આરોગ્ય વિભાગની તપાસણી બાદ એક બાળકનું હ્દયરોગનું ઓપરેશન કરાયું

### બાળકનાં વાલીઓએ આરોગ્ય વિભાગનો આભાર માન્યો

અમરેલી, તા. ૨૯

સરકાર દ્વારા ખાસ શાળા–આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતગત ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળ કોની વિનામૂલ્યે સારવાર કરવામાં આવે છે. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી આર.સી.એચ.ઓ. ડો અલ્પેશ સાલ્વી ડો. કવોલીટી એશ્યોરન્સ મેડીકલ ઓફિસર, જાટ તાલુકા હેલ્થ ઓફીસર ડો. રાજીવકુમાર સિન્હાનાં માર્ગદર્શન હેઠળ, અમરેલીના લાભાર્થી ક્રિશીવ પ્રદીપભાઈ ગેલાણીની ખાસ શાળા–આરોગ્ય તપાસ દરમિયાન અમરેલી તાલુકાની આરોગય ટીમ આર.બી. એસ.કે. ડો. વસીમ ભટ્ટી, ડો. સુનેહરા કુરેશી, ફાર્માશીષ્ટ–ઉર્વશી સોલંકી દ્વારા તપાસ અર્થે બાળકોના ડોકટર દ્વારા તપાસ કરતા તે બાળક ને હદયરોગ ની તકલીફ જણાતા વધુ તપાસ અર્થે બાળકોના ડોકટર તપાસ કરાવવામાં આવેલ બાળકોના ડોકટરની તપાસ દરમ્યાન આર.બી.એસ.કે. ટીમના ડોકટર દ્વારા બાળકની હદયની બીમારી અર્થે આગળની સારવાર માટે સંદર્ભ કાર્ડ ભરી મંજુરી અપાવી વાલીને



યોગ્ય માહિતી આપી તેમને અમદાવાદ યુએનમહેતા ખાતે રીફર કરેલ અને ઓપરેશન માટે સમજાવેલ અને યુ.એન. મહેતામાં સારવાર ચાલુ કરાવેલ અને યુ.એન.મહેતા અમદાવાદ ખાતે તા.૧૪/૦૩/૨૦૨૪ નાં દર્દી ને દાખલ કરી, તા. ૧૬/૦૩/૨૦૨૪ના હ્દયરોગનું વિનામૂલ્યે સફળ ઓપરેશન કરેલ.

ક્રિશીવનાં સફળ ઓપરેશન બાદ તેમના માતા પિતાએ આર.બી.એસ.કે. ટીમના ડો. વસીમ ભટ્ટી, ડો. સુનેહરા કુરેશી શર્મા, સોલંકી ઉર્વશી, તથા આરોગ્ય અધિકારી જોષી આર.સી. એચ.ઓ. ડો. અલ્પેશ સાલવી, ડો. જાટ સર, ટી.એચ. ઓ. ડો. રાજીવકુમાર, શાળા આરોગ્ય યુનીટના એમ.કે.બગડા. બી.કે. સનીશ્વરા તેમજ ડી.ઈ.આઈ. સી. વિભાગના નરેન્દ્રભાઈ મકવાણા તથા સમગ્ર શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો આભાર માનેલ. શાળા–આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકના હદયનું વિનામૂલ્યે સફળ ઓપરેશન કરવામાં આવ્યું.

પાના ૧ ઉપરનું ચાલું

## આગામી ૧૨૦ કલાક બાદ

સ્થળોએથવાનીહોયવહીવટીતંત્રએ તડામારતૈયારીઓશરૂ કરીદીધીછે.

દેશનાં ૧૪૫ કરોડનું ભાવિ નકકી કરવાની સાથે નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી, કેજરીવાલ, તેજસ્વી યાદવ, અખિલેશયાદવ, ઉધ્ધવ ઠાકરે, હેમંત સોરેન સહિતનાં દિગ્ગજ નેતાઓનું પણ રાજકીય ભાવિ નકકી થશે અને આ ચૂંટણીની હાર–જીતને લઈને અબજો રૂપિયાનો સટ્ટો રમાયો છે. તો શેરબજાર પણ ચાતક નજરે ચૂંટણી પરિણામની રાહ જોઈ રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું

## દારૂની ૩૧૦૦ બોટલ ઝડપાઈ

બીડી ૦૪૦૧ માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૩૧૦૦ કિંમત રૂપિયા ૩,૭૨,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા બોલેરો જીપ કિંમત રૂપિયા ૮ લાખ મળી કુલ રૂપિયા ૧૧,૮૨,૦૦૦ના મુદ્દામાલ સાથે બંને આરોપી હેરાફેરી કરતા પકડાઈ ગયા હતા. જયારે ઉના તાલુકાના મોઠા ગામે રહેતા આરોપી ભરતભાઈ પરમારએ ઉપરોકત મુદામાલની ગાડી ભરી બંને આરોપીને આપી અને પોતે હાજર નહિ મળી આવતા ત્રીજા આરોપીની શોધખોળ આદરી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૪ | ૧૪૮૬ |
| ૨ | મગફળી | ૧૧૩૫ | ૧૧૬૫ |
| ૩ | ચણા | ૧૧૨૫ | ૧૩૬૫ |
| ૪ | જીરૂ | ૪૭૩૫ | ૫૫૭૫ |
| ૫ | ઘઉં | ૪૯૮ | ૫૧૨ |
| ૬ | તલ સફેદ | ૨૪૫૫ | ૨૬૧૫ |
| ૭ | તલ કાળા | ૨૬૪૦ | ૨૯૯૦ |
| ૮ | એરંડા | ૯૬૦ | ૧૦૫૦ |
| ૯ | બાજરો | ૪૧૫ | ૪૪૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૧૩ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૨૨ |
| ૩ | શિંગદાણા | ૧૫૯૯ | ૧૯૮૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૦૫ | ૧૬૩૧ |
| ૫ | તલ સફેદ | ૨૧૮૫ | ૨૮૩૦ |
| ૬ | તલ કાળા | ૨૫૫૦ | ૩૨૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૫૦ | ૩૦૭૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૫૦૩ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૪૪ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૩૬ | ૫૯૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૯ | ૫૯૧ |
| ૧૨ | મકાઈ | ૪૫૦ | ૭૫૦ |
| ૧૩ | મગ | ૧૨૦૫ | ૧૬૦૦ |
| ૧૪ | અડદ | ૧૦૫૦ | ૧૮૬૦ |
| ૧૫ | ચણા | ૧૦૮૦ | ૧૩૨૧ |
| ૧૬ | ચણા દેશી | ૧૨૯૫ | ૧૩૫૮ |
| ૧૭ | તુવેર | ૧૨૮૦ | ૨૧૫૫ |
| ૧૮ | કપાસ | ૯૫૦ | ૧૪૯૯ |
| ૧૯ | એરંડા | ૯૩૦ | ૧૦૬૮ |
| ૨૦ | જીરૂ | ૧૮૦૦ | ૫૩૨૦ |
| ૨૧ | રાયડો | ૯૫૦ | ૧૦૦૯ |
| ૨૨ | રાય | ૧૧૧૦ | ૧૨૫૦ |
| ૨૩ | ધાણા | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૨૪ | ધાણી | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૨૫ | મેથી | ૮૦૦ | ૧૧૮૦ |
| ૨૬ | સોયાબીન | ૭૫૦ | ૮૭૭ |
| ૨૭ | સુવાદાણા | ૧૪૭૦ | ૧૫૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૬ | ૧૪૫૧ |
| ૨ | મગ | ૧૬૬૧ | ૧૬૭૦ |
| ૩ | ચણા | ૧૧૯૫ | ૧૩૦૦ |
| ૪ | જુવાર સફેદ | ૭૭૦ | ૭૭૦ |
| ૫ | મગફળી | ૧૦૯૯ | ૧૦૯૯ |
| ૬ | સોયાબીન | ૮૨૯ | ૮૨૯ |
| ૭ | તલ સફેદ | ૨૩૭૫ | ૨૬૬૧ |
| ૮ | બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| ૯ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | જીરૂ | ૩૩૩૩ | ૫૩૦૦ |
| ૧૧ | રાય | ૧૨૦૧ | ૧૨૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૩ | શીંગ નવી | ૧૦૫૧ | ૧૨૭૧ |
| ૪ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૨૫ |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૧૧ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૨૦ |
| ૭ | જીરૂ | ૪૨૦૦ | ૫૩૩૦ |
| ૮ | કપાસ | ૧૨૫૦ | ૧૪૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૩ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૨ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૬૮ |
| ૧૨ | જુવાર | ૪૫૦ | ૮૯૦ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૪૮૧ |
| ૧૪ | મગ | ૧૪૫૦ | ૧૬૪૪ |
| ૧૫ | મેથી | ૧૦૦૦ | ૧૧૯૧ |
| ૧૬ | ચણા | ૧૨૦૦ | ૧૩૩૦ |
| ૧૭ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૬૦ |
| ૧૮ | તુવેર | ૧૮૦૦ | ૨૦૦૨ |
| ૧૯ | એરંડી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| ૨૦ | અડદ | ૧૬૫૦ | ૧૯૫૦ |
| ૨૧ | રાય/રાયડો | ૯૫૦ | ૧૦૩૧ |
| ૨૨ | ધાણા | ૧૦૫૦ | ૧૪૦૧ |
| ૨૩ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |
| ૨૪ | વાલ | – | ૧૫૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૧૦૯૯ | ૧૧૧૮ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૧૫ |
| ૪ | ચણા | ૧૨૭૦ | ૧૩૦૭ |
| ૫ | મગ | ૧૫૨૬ | ૧૬૦૦ |
| ૬ | તલ | ૨૨૦૦ | ૨૫૭૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૧૩૧ | ૧૫૫૯ |
| ૮ | સોયાબીન | ૮૪૦ | ૮૬૦ |
| ૯ | મેથી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૦ | ધાણા | ૧૨૦૦ | ૧૩૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૩૪૫ |
| ૨ | ચણા | ૧૧૩૧ | ૧૩૫૦ |
| ૩ | ધાણા | ૧૧૦૫ | ૧૩૫૩ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૮ | ૫૨૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૮૫ | ૪૯૯ |
| ૬ | તુવેર | ૧૯૧૯ | ૨૦૨૯ |
| ૭ | મેથી | ૯૦૦ | ૧૧૪૮ |
| ૮ | તલ સફેદ | ૨૦૦૫ | ૨૬૨૦ |
| ૯ | સીંગફાડા | ૧૩૭૫ | ૧૪૬૦ |
| ૧૦ | સોયાબીન | ૮૪૯ | ૮૪૯ |
| ૧૧ | મગ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૧૨ | એરંડી | ૮૨૬ | ૮૨૬ |
| ૧૩ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |


## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ – લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૩/૨૪ તા. ૧૬/૦૫/૨૦૨૪

વિવાદી : શ્રી કનાડા દુર્ગાબેન છગનલાલ,
રે. દામનગર, તા. લાઠી, જિ. અમરેલી, હાલ–રે, પાલાવાસણા, તા/જિ. મહેસાણા
મો.૯૬૨૪૭૦૯૯૮૭

:: **વિરૂધ્ધ** ::

પ્રતિવિવાદી : જન્મ–મરણ નોંધણી અધિકારી
– ૧ –
ચીફ ઓફિસરશ્રી, નગરપાલીકા, દામનગર, તા. લાઠી, જિ. અમરેલી.

:: **નોટિસ** ::

::(જન્મનાં દાખલા માટે)::

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, મહેસાણા જિલ્લાનાં **મહેસાણા** તાલુકાના **મોજે. પાલાવાસણા** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **દુર્ગાબેન છગનલાલ કનાડાનો જન્મ તા.૦૨/૦૨/૧૯૬૧ના રોજ મોજે. દામનગર, તા.લાઠી, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય / **જન્મ**ની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં **તા.૩૦/૩/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૧/૦૭/૨૦૨૪ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૮૨૨ |
| ૩ | તલ કાળા | ૨૧૨૫ | ૩૦૪૨ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૧૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૧૭ |
| ૭ | જુવાર | ૬૭૫ | ૮૯૧ |
| ૮ | મગ | ૧૨૨૫ | ૧૬૫૧ |
| ૯ | મેથી | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૦ | અડદ | ૧૭૫૧ | ૧૮૦૦ |
| ૧૧ | તુવેર | ૮૭૧ | ૧૯૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૩૧ | ૧૩૩૬ |
| ૧૩ | જીરૂ | ૫૨૦૦ | ૫૨૦૦ |
| ૧૪ | એરંડી | ૯૪૦ | ૯૫૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૧ | ૧૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૫૫ | ૮૬૦ |
| ૧૮ | અજમા | ૨૫૦૦ | ૨૫૦૦ |

# જાહેર શૌચાલયનાં દરવાજાની હાલત જુઓ



અમરેલીનાં ડો.જીવરાજ મહેતા ચોકમાં આવેલ પાલિકા કચેરીનાં જુના મકાન નીચે આવેલ જાહેર શૌચાલયનાં દરવાજો છેલ્લા ૨ દિવસથી નીકળી જતાં રિપેરીંગ કરવું જરૂરી બન્યું છે.

### સ્વચ્છતા અભિયાનનાં માહોલ

# જાફરાબાદનાં બંદર ચોકમાં આવેલ એસ.ટી. બસનું પિકઅપ સ્ટેન્ડ ગંદકીનું ઘર બન્યું

**જવાબદાર વિભાગનાં અધિકારીઓ સમસ્યા દૂર કરાવે**

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદ ખાતે બંદર ચોકમાં આવેલ પિકઅપ સ્ટેન્ડમાં રાત્રીના સમયે તથા દિવસે માલઢોર કુતરાઓનો અખાડો બન્યું છે. આ પિકઅપ સ્ટેન્ડમાં મુકવામાં આવેલ લોકો માટે બેસવાની ખુરશીઓ પણ ગાયબ થઈ ગઈ હોય. લાખો રૂપિયાથી બનેલું પિકઅપ સ્ટેન્ડ પાલિકાની જાળવણીના અભાવથી પશુઓનામળમૂત્રના ઢગલા જોવા મળી રહ્યા છે. આ પિકઅપ સ્ટેન્ડ ભરચક્ક બંદરમાં હોય અને હાલ કાળ ઝાળ ગરમીમાં નાગરિકો આકરા




તાપમાનથી બચવા માટે પિકઅપ સ્ટેન્ડ માં બેસવા માટે જતા હોય પરંતુ આ પિકઅપ સ્ટેન્ડ માં પશુઓના મળ મૂત્ર પડેલા હોવાથી દુકાન બાજુમાં ઉભા બસની રાહ જોતા હોય છે. તો બીજી બાજુ આ પિકઅપ સ્ટેન્ડમાં બેસવા માટેની ખુરશીઓ પણ નથી. આ બાબતે જાફરાબાદનું સંબંધિત તંત્ર ધ્યાન આપશે કે નહીં ? અસંખ્ય ખદબદતી ગંદકીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પાલિકાની સ્વચ્છતા હી સેવા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે.

### આગામી ૪ જૂને મત ગણતરી થવાની હોય

# અમરેલીના કોલેજ સર્કલથી રેલ્વે ફાટક સુધી પસાર થનાર વાહનો માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરો

**માત્ર એક દિવસ માટે સવારથી સાંજ સુધી વૈકલ્પિક વ્યવસ્થા**

અમરેલી, તા. ૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત આગામી તા. ૦૪ જૂન, ૨૦૨૪ને મંગળવારના રોજ અમરેલી સ્થિત પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે મતગણતરી યોજાશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિત જળવાઈ રહે તે માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું બહાર પાડયું છે. ટ્રાફિક નિયમનના પગલે અમરેલી શહેરના લાઠી રોડ પર કોલેજ સર્કલ થી રેલ્વે ફાટક સુધીનો રસ્તો બંધ રહેશે. આ રસ્તા પરનું ટ્રાફિક અન્ય વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવશે. વૈકલ્પિક રૂટ-૧ લાઠી રોડ બાયપાસ ચોકડીથી મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ ચોકડીથી પસાર થવું, વૈકલ્પિક રૂટ-૨ કોલેજ સર્કલથી લાઠી તરફ જતા વાહનોએ રેલ્વે સ્ટેશન-હનુમાનપરા-લાઠી રોડ પર પસાર થવું, વૈકલ્પિક રૂટ-૩ લાઠી રોડ બાયપાસ ચોકડીથી અમરેલી શહેર તરફ આવતા વાહનોએ હનુમાનપરા રોડથી અમરેલી શહેરમાં પ્રવેશ કરવો, વૈકલ્પિક રૂટ-૪ ફોરવર્ડ સર્કલથી લાઠી રોડ તરફ જતા મોટા વાહનોએ ચિતલ રોડ બાયપાસ બાજુથી પસાર થવું. આ જાહેરનામું તા.૦૪, જૂન, ૨૦૨૪ના રોજ સવાર ૬ વાગ્યાથી મતગણતરી પૂર્ણ જાહેર થાય ત્યાં સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ -૧૩૧ અંતર્ગત શિક્ષા પાત્ર ઠરશે.

### પંજાબમાં રાહુલ ગાંધીની મોટી જાહેરાત

# ઈન્ડિયા ગંઠબંધનની સરકાર બનતા જ ખેડૂતોનું દેવુ થશે માફ

**રાહુલ ગાંધીએ મોદી પર પણ નિશાન સાધતા કહ્યું કે પીએમ કહે છે કે ખેડૂતોને કાયદેસર MSP આપી શકાય નહીં**

ચંદીગઢ, તા. ૨૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના સાતમા અને છેલ્લા તબક્કા માટે તમામ રાજકીય પક્ષોએ તેમની તાકાત લગાવી દીધી છે. આ દરમિયાન, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે (૨૯ મે) પંજાબના લુધિયાણામાં એક રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધીએ ખેડૂતોને મોટા વચનો આપ્યા હતા. તેમણે ઈન્ડિયા ગઠબંધન સરકારની રચના પછી તરત જ ખેડૂત લોન માફી આયોગની રચના કરવાની વાત કરી હતી. ખેડૂતોની લોન માફીની જાહેરાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે ઈ ગઠબંધન સરકાર બનતાની સાથે જ અમે ખેડૂતોની લોન માફ કરીશું. તેમણે કહ્યું કે જેમ તેઓ (ભાજપ) અબજોપતિઓની લોન માફ કરે છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે અમે ખેડૂતોની લોન માત્ર એક જ વાર માફ નહીં કરીએ, આ માટે અમે એક કમિશન બનાવીશું, જેને ખેડૂત લોન માફી કમિશન કહેવામાં આવશે. તેમણે કહ્યું કે જ્યારે પણ ખેડૂતોને લોન માફીની જરૂર પડશે ત્યારે કમિશન સરકારને જાણ કરશે અને અમે લોન માફ કરીશું. તેમણે આગળ કહ્યું, ‘‘એકવાર, બે વાર, ત્રણ વાર, જેટલી વાર ખેડૂતને જરૂર પડશે, અમે તેની લોન માફ કરીશું. તેમણે કહ્યું કે ખેડૂતો દેશની કરોડરજ્જુ છે અને તેમની સુરક્ષા થવી જોઈએ. આ દરમિયાન રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે પીએમ મોદી કહે છે કે ખેડૂતોને કાયદેસર સ્જીઁ આપી શકાય નહીં. કોંગ્રેસ સાંસદે કહ્યું કે ચૂંટણી બાદ ઈન્ડિયા ગઠબંધન સરકાર ૪ જૂને આવશે અને અમે પહેલીવાર ખેડૂતોને ગેરંટી સાથે કાયદેસર સ્જીઁ આપીશું.કોંગ્રેસ સાંસદે કહ્યું કે પંજાબમાં ડ્રગ્સનો મુદ્દો વધી રહ્યો છે. તેમણે કહ્યું કે આની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પંજાબે તેની તમામ શક્તિ સાથે ડ્રગ્સ સામે લડવું જોઈએ. ઉલ્લેખનીય છે કે પંજાબમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે કોઈ ગઠબંધન નથી. જો કે, બંને ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે.

### અનુરાગ ઠાકુરે કેજરીવાલ પર કર્યો કટાક્ષ

# ૪૭ ડિગ્રીમાં રોડ શો અને કેજરીવાલ તબિયતના બહાને જામીન માંગે છે

**અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટને સ્વાસ્થ્યના કારણોના આધારે તેમના જામીન વધુ સાત દિવસ વધારવાની વિનંતી કરી હતી**

નવીદિલ્હી, તા. ૨૯

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે તેઓ ૪૭ ડિગ્રીની આકરી ગરમીમાં રોડ શો કરે છે પરંતુ બીમારીના બહાને સુપ્રીમ કોર્ટમાંથી જામીન માંગે છે.

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુરે આજે અરવિંદ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા હતા. તેણે કહ્યું કે ફરી એકવાર તેનો ચહેરો બધાની સામે આવી ગયો. તેઓ ૪૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં રોડ શો કરે છે અને જામીન મેળવવા માટે અસ્વસ્થ હોવાનો ડોળ કરે છે.અનુરાગ ઠાકુરે અરવિંદ કેજરીવાલને લઈને મીડિયાકર્મીઓના સવાલોના જવાબ આપતા કહ્યું કે તેમનો ચહેરો ફરી એક વખત ખુલ્લો થઈ ગયો છે. તે જૂઠું બોલવામાં માહેર છે અને તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે તે ૪૭ ડિગ્રી તાપમાનમાં રોડ શો કરી શકે છે પરંતુ તે અસ્વસ્થ હોવાનું બહાનું કરીને જામીન માંગે છે. આ વાત મીડિયાએ બતાવી અને કોર્ટમાં પણ જાહેર કરી.

હકીકતમાં, અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટને સ્વાસ્થ્યના કારણોના આધારે તેમના જામીન વધુ સાત દિવસ વધારવાની વિનંતી કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ તેમના વચગાળાના જામીન લંબાવવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીનું કહેવું છે કે કેજરીવાલને ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવાની સ્વતંત્રતા છે. આનો અર્થ સ્પષ્ટ છે કે કેજરીવાલે ૨ જૂન સુધીમાં આત્મસમર્પણ કરવું પડશે.

કેજરીવાલે દાખલ કરેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે તેમનું વજન અચાનક ઘટી ગયું છે અને તેમનું કીટોન લેવલ ‘‘અત્યંત ઊંચુ’’ છે, જે ગંભીર કિડની, હૃદય રોગ અને કેન્સરનું પણ સંભવિત સૂચક છે. આને ધ્યાનમાં રાખીને, તેણે ‘પીએટી-સીટી સ્કેન’ સહિત કેટલાક તબીબી પરીક્ષણોમાંથી પસાર થવા માટે તેના વચગાળાના જામીન સાત દિવસ સુધી વધારવાની વિનંતી કરી હતી. કેજરીવાલે ૨૬ મેના રોજ દાખલ કરેલી તેમની અરજીમાં કહ્યું છે કે તે ૨ જૂનને બદલે ૯ જૂને આત્મસમર્પણ કરવા માંગે છે, જે કોર્ટ દ્વારા જેલમાં પરત ફરવાની તારીખ નક્કી કરવામાં આવી છે.૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટે કેજરીવાલને લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રચાર કરવા માટે ૧ જૂન સુધી ૨૧ દિવસ માટે વચગાળાના જામીન આપ્યા હતા. સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે કેજરીવાલ ૨ જૂને આત્મસમર્પણ કરશે. આના એક દિવસ પહેલા એટલે કે ૧ જૂને લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે મતદાન થવાનું છે. અરવિંદ કેજરીવાલની દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

### દિલ્હીમાં ગરમીએ તોડ્યા તમામ રેકોર્ડ તોડ્યા

# દિલ્હીમાં પહેલીવાર ૫૨.૩ ડિગ્રી તાપમાન નોંધાયું

**દિલ્હીના મુંગેશપુરમાં મહત્તમ તાપમાન ૫૨.૩ ડિગ્રી નોંધાયું**

નવી દિલ્હી, તા. ૨૯

કાળઝાળ ગરમી અને હીટવેવ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. બુધવારે દિલ્હીમાં એવી ગરમી પડી કે સમગ્ર દેશનો રેકોર્ડ તૂટી ગયો. ઈતિહાસમાં પ્રથમ વખત પારો ૫૨ને પાર થયો છે. દિલ્હીના મુંગેશપુરમાં મહત્તમ તાપમાન ૫૨.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સિવાય અન્ય ઘણા વિસ્તારોમાં તાપમાન ૫૦ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. જો કે, થોડા સમય પછી હવામાન બદલાયું અને આકાશ વાદળછાયું થઈ ગયું, જેના કારણે દિલ્હી-એનસીઆરના લોકોએ રાહતનો શ્વાસ લીધો. મુંગેશપુર ઉત્તર પૂર્વ દિલ્હી વિસ્તારમાં છે, જ્યાં અત્યાર સુધીની સૌથી વધારે ગરમી પડી છે. આ દિલ્હીના કેન્દ્ર કનોટ પ્લેસથી લગભગ ૫૦ કિલોમીટર દૂર છે. આ તાપમાન અહીં જવાહર નવોદય વિદ્યાલય સ્થિત હવામાન કેન્દ્રમાં નોંધાયું હતું. આ તાપમાન બપોરે ૨.૩૦ કલાકે નોંધાયું હતું. ન્યૂઝ એજન્સી એએફપીના જણાવ્યા અનુસાર, માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં આ અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. અત્યાર સુધી સૌથી વધુ તાપમાનનો રેકોર્ડ રાજસ્થાનના નામે હતો. રાજસ્થાનના ફલોદીમાં ૨૦૧૬માં ૫૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે દેશમાં અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન હતું. અગાઉ ૧૯૫૬માં રાજસ્થાનના અલવરમાં પારો ૫૦.૬ સુધી પહોંચી ગયો હતો. જોકે, દિલ્હી-NCR સહિત સમગ્ર ઉત્તર ભારતમાં લોકો ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે. પરંતુ દિલ્હીના મુંગેશપુર, નજફગઢ, નરેલા, જાફરપુર, પુસા, આયાનગર જેવા વિસ્તારોમાં સ્થિતિ ઘણી ગંભીર છે. મંગળવારે પણ આ વિસ્તારોમાં તાપમાન ૫૦ની નજીક હતું. ગરમી એટલી વધી ગઈ છે કે લોકોને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

### તક્ષશિલા અગ્નિકાંડ પણ ભૂલાઈ ગયો

# સુરતની શાળાઓના ટેરેસ પર ડોમનું જોખમ યથાવત્

સુરત, તા. ૨૯

સુરત શહેરમાં તક્ષશિલા હોનારત બાદ ફાયર સેફ્ટી માટે શરૂ કરેલા અભિયાનની આજે ક્યાંય કોઈ અસર નથી વર્તાઈ રહી. રાજકોટની ઘટના બાદ વધુ એક વખત ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટી અને એનઓસી મુદ્દે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જો કે, વાડ જ ચીભડાં ગળે તેવી સ્થિતિ આજે પણ જોવા મળી રહી છે. ફાયર વિભાગ સહિતના સરકારી વિભાગોની લાપરવાહી અને મિલીભગતને કારણે આજે પણ હજારો નાગરિકોના જીવ જોખમમાં હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ખાસ કરીને શાળા અને હોસ્પિટલોમાં ફાયર સેફટી સહિતની સુવિધાઓ મુદ્દે લાપરવાહી દાખવતાં સંચાલકો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવાને બદલે નોટિસો પાઠવવાનો ખેલ ચાલી રહ્યો હોય તેવું ફલિત થઈ રહ્યું છે. એક તબક્કે શાળાઓ પર ગેરકાયદેસર પતરાંના શેડ ઉભા કરવાના મુદ્દે શરૂ કરવામાં આવેલું અભિયાન હવે ઠંડુ થઈ ચુક્યું છે અને શહેરમાં ઠેર-ઠેર શાળાઓમાં ટેરેસ પર ડોમ ઉભા થયેલા નજરે પડી રહ્યા છે. ત્યારે આ સ્થિતિમાં ફાયર વિભાગ દ્વારા હવે આવી સંસ્થાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.શહેરના પાંડેસરા ખાતે પોલીસ કોલોની પાસે આવેલ ગેલેક્સી શાળાના સંચાલકોને સરકારી નીતિ- નિયમોનો જાણે કોઈ છોછ નથી તેમ જણાઈ રહ્યું છે. શાળામાં અભ્યાસ કરતાં સેંકડો બાળકો જીવના જોખમે અભ્યાસ કરવા માટે મજબૂર બન્યા છે. હિન્દી અને અંગ્રેજી માધ્યમના ધોરણ ૧થી ૧૨ના વર્ગો ચલાવતી આ શાળાના સંચાલકો દ્વારા શાળામાં ફાયર સેફટી સહિતના નિયમો ઘોળીને પી ગયા હોય તેમ નજરે પડી રહ્યું છે.શાળાના ટેરેસ પર બનાવવામાં આવેલો પતરાંનો ગેરકાયદેસર ડોમ હોય કે શાળામાં એન્ટ્રી અને એક્ઝીટ ગેટનો અભાવ હોય તેમ સ્તરે સંચાલકોની લાપરવાહી છતાં ફાયર વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં વાલીઓમાં પણ રોષ ફાટી નીકળ્યો છે. જો કે, આશ્ચર્યની વાત વચ્ચે શાળાના સંચાલક દ્વારા વરસાદને કારણે શાળાના ટેરેસ પર ડોમ બનાવવામાં આવ્યો હોવાનું વાહિયાત કારણ જણાવ્યું હતું.

### મગફળી, દીવેલા અને તલ જેવા

# પાકોની સંશોધિત જાતોની વાવણીથી ખેડુતોને ફાયદો

**એસ.આર.આર. અંતર્ગત વિવિધ પાકોનો પ્રમાણિત બિયારણના સ્ત્રોત સ્થાનોનો કરી શકાય છે સંપર્ક**

અમરેલી, તા. ૨૯

ખેડૂતોને ગુણવતાયુકત બિયારણ મળી રહે અને વધુ ઉત્પાદન મળી શકતું હોય તેવી નવી જાત અપનાવી ઉત્પાદનમાં વધારો થાય તેવા હેતુથી સીડ રિપ્લેસમેન્ટ રેટ (એસ.આર.આર.) અંતર્ગત સહાયના ધોરણે વિવિધ પાકોના પ્રમાણિત બિયારણો આપવામાં આવે છે. જિલ્લાના તમામ વર્ગના ખેડૂત ખાતેદારને આ યોજનાનો લાભ મળવાપાત્ર હોય, ખેડુતો આ યોજનાનો લાભ બિયારણના જથ્થો ઉપલબ્ધ હોય તેને આધીન, વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકે છે. ગુજરાત રાજય બીજ નિગમ, ગુજકોમાસોલ, નેશનલ સીડ કોર્પોરેશનના અધિકૃત વિક્રેતાઓ પાસેથી એટસોર્સ સહાયના ધોરણે મગફળી, દીવેલા અને તલ વગેરે પાકોની નવા સંશોધિત જાતોના પ્રમાણિત બિયારણો મળી શકશે. આ યોજનામાં મગફળીના પાકમાં જી.જે.જી.-૨૨, જી.જે.જી. - ૩૨ દીવેલા પાકમાં જી.સી.એચ.-૮, જી.સી.એચ.- ૯ તેમજ તલના પાકમાં જી.જે.ટી.-૫ અને જી.યુ.જે. ટી.આઈ.એલ.- પ્રકારની જાતોમાં લાભ મળવાપાત્ર છે. સીડ રિપ્લૈસમેન્ટ રેટ (એસ.આર.આર.)ના ધારા ધોરણ મુજબ મગફળી પાક બિયારણની કિંમતના ૫૦% અથવા પ્રતિ કિલોગ્રામ રૂ.૪૦ મર્યાદામાં બેમાંથી જે ઓછું હોય તે મુજબની સહાય, દીવેલા અને તલના પાકના બિયારણી કિમતના ૫૦ % અથવા પ્રતિ કિલોગ્રામ રૂ.૮૦ની મર્યાદામાં બેમાંથી જે ઓછું હોય તે મુજબની સહાય મળવાપાત્ર છે. સહાય માટે ખાતાદીઠ જમીન ધરાવતા હોય તેની મર્યાદામાં વધુમાં વધુ બે હેકટર માટે સહાય મળવાપાત્ર છે. ખેડૂતોએ ગુજરાત રાજય બીજ નીગમ, ગુજકોમસોલ, નેશનલ કોર્પોરેશન અધિકૃત વિક્રેતાનો સંપર્ક કરી જરૂરી ૮-અને આધાર કાર્ડની નકલ રજૂ કરવાની રહેશે. વધુ જાણકારી માટે ગ્રામ સેવક તેમજ તાલુકાના વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી અને મદદનીશ ખેતી નિયામક પેટા વિભાગ-કચેરીનો અથવા ગુજરાત રાજય બીજ નીગમ ગુજકોમાસોલ, નેશનલ સીડ કોર્પોરેશનના અધિકૃત વિક્રેતાનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### પીજીવીસીએલ અધિકારીને આવેદનપત્ર પાઠવાયું

# દામનગરનાં ભટ્ટવદર ગામનાં કિસાનોની વીજ સમસ્યા દુર કરો

**ભમરીયાને બદલે રાભડા ફીડરથી વીજળી આપવા માંગ**

દામનગર, તા. ૨૯

દમનગર ૬૬ કે.વી.માંથી માંડવી ફિડરમાં છાશવારે સર્જાતી ખામીને દુર કરી ભટવદર ગામનાં કિસાનોને ભમરીયા વાળી લાઈનમાંથી રાભડાફીડરમાં આપવા સરપંચ સીહત કિસાનોએ દામનગર પી.જી.વી. એસ.એલ. ઓફિસે આવેદન પત્ર આપ્યું.દામનગર પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝન હેઠળના માંડવી ખેતીવાડી (એ.જી.) માટેના ફીડરમાં છેલ્લામાં દસેક દિવસથી ખામી સર્જાતી હોવાથી અને દામનગરથી આવેલ આ લાઈન ખુબજ લાંબી હોય તેમજ આ ફીડરમાંથી પાંચ ગામનાં કિસાનોને ખેતીવાડીના જોડાણ આપેલ હોય, વધુ પડતાં લોડને કારણે છાશવારે પાવરની વધ-ઘટ થતી હોવાથી કિસાનો પોતાનાં ખેતરમાં ઉભેલા પાકને સમયસર પાણ આપી શકતા ન હોય, અધૂરામાં પુરૂં કેટલાય થાંભલા નમી ગયા છે. અને વાયર ઢીલા (જોળા)



થયેલા હોય મોટી દુર્ઘટના થવાની સંભાવના નકારી શકાય નહિ...! તા.૨૯/૫, બુધવારે ભટવદર ગામનાં સરપંચ અશ્વિનભાઈ ગોળકીયા અને ગામનાં કિસાનોએ દામનગર પી.જી.વી.સી.એલ. કચેરીએ આવેદનપત્ર આપી ઉપરોકત કરેલ રજુઆતમાં, ભમરીયાવાળી લાઈનમાંથી રાભડા ફિડરમાં આપવા-ભાલવાવ ગામથી આગળ આ લાંબી લાઈન જતી હોય, તે લાઈનને અલગ આપવા અને ભટવદર ગામનાં કિસાનોને ખેતીવાડી માટે અલગ ફીડર આપવા કરેલ રજુઆત બાદ ટુંક સમયમાં આ સમસ્યાનું નિરાકરણ કરી આપવામાં આવશે, એવી અધિકારી તરફથી યોગ્ય ખાત્રી આપવામાં આવેલ હોવાનું સરપંચે જણાવ્યું હતું.


## અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## ‘‘અમર ડેરી’’
**અમર ત્રિભેટો, ધારી રોડ, અમરેલી. ૩૬૫૬૦૧**

### ટેન્ડર નિવિદા (શોર્ટ)

**દૂધ પરીવહન, દાણ પરીવહન, દૂધ પેકેજીંગ, દાણ બનાવવા અને અન્ય કામ અંગેનો કોન્ટ્રાકટ આપવાનો છે**

દુધ સંઘ તરફથી પરીવહન તથા પેકેજીંગ તથા અન્ય કામ અંગેનું કામ કરતા તમામ અનુભવી કોન્ટ્રાકટરોને જણાવવાનું કે શ્રી અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી ખાતે દૂધ પરીવહન, દાણ પરીવહન તથા દૂધ પેકેજીંગ, દાણ બનાવવા તથા અન્ય કામ અંગેનો કોન્ટ્રાકટ આપવાનો હોય રસ ધરાવતા તમામ કોન્ટ્રાકટરોને ટેન્ડર સીલબંધ કવરમાં ભરવા જણાવવામાં આવે છે. કવર ઉપર દૂધ પરીવહન, દાણ પરીવહન તથા દૂધ પેકેજીંગ, દાણ બનાવવા તથા અન્ય કોન્ટ્રાકટ (લાગુ પડતુ હોય તે લખવું) સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું

| અનુ. | વિગત | અર્નેસ્ટ મનીની ડીપોઝીટ | ટેન્ડર ફોર્મ આપવાની તારીખ | ટેન્ડર સ્વીકારવાની તારીખ અને સમય | ટેન્ડર ખોલવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | **દૂધ પરીવહન**<br>૧. દૂધ મંડળીથી બી.એમ.સી. સેન્ટર<br>૨. ચીલીંગ સેન્ટરથી અમર ડેરી<br>૩. અમર ડેરી થી અમૂલ ફેડ ગાંધીનગર | <br>૨૦૦૦<br>૩,૦૦,૦૦૦<br>૩,૦૦,૦૦૦ | ૩૦-૦૫-૨૪ | ૦૭-૦૬-૨૪ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૪ |
| ૨ | **દાણ પરીવહન**<br>અમર દાણ ફેકટરીથી સંસ્થા જયાં મોકલે ત્યાં જવાનું રહેશે. | ૫૦૦૦૦ | ૩૦-૦૫-૨૪ | ૦૭-૦૬-૨૪ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૪ |
| ૩ | દૂધ પેકેજીંગ અને અન્ય કામ અંગેનો કોન્ટ્રાકટ | ૫૦૦૦૦ | ૩૦-૦૫-૨૪ | ૦૭-૦૬-૨૪ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૪ |
| ૪ | દાણ બનાવવા માટે જરૂરી કામ અંગેનો કોન્ટ્રાકટ | ૫૦૦૦૦ | ૩૦-૦૫-૨૪ | ૦૭-૦૬-૨૪ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૪ |
| ૫ | દુધ પ્રોસેસીંગ અને અન્ય કામ માટે ટેકનીકલ પ્રોફેશનલ સ્ટાફ | ૧૦૦૦૦ | ૩૦-૦૫-૨૪ | ૦૭-૦૬-૨૪ બપોરના ૧૫-૦૦ સુધી | ૧૦-૦૬-૨૪ |

(૧) દુધ પરીવહન ક્રમ નં. (૧) માટે રૂા. ૩૦૦/- અને ક્રમ નં. (૨ અને ૩) તેમજ દાણ પરીવહન, પ્રોસેસીંગ અને પેકેજીંગ માટે રૂા. ૧૦૦૦/- નોન રીફંડેબલ રોકડા ભરવાથી ટેન્ડર ફોર્મ તા. ૩૦-૦૫-૨૪ થી તા. ૦૭-૦૬-૨૪ બપોરના ૧૫-૦૦ કલાક સુધી દૂધ સંઘના મુખ્ય કાર્યાલયથી જાહેર રજાના દિવસો સિવાય મળી શકશે.

(૨) ટેન્ડર સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી.થી અથવા માન્ય કુરીયર મારફત સ્વીકારવામાં આવશે.

(૩) કોઈપણ શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૪) ટેન્ડર સાથે અર્નેસ્ટ મનીની ડીપોઝીટની રકમનો ડીમાન્ડ ડ્રાફટ "અ.જી.સ.દૂ.ઉ.સંઘ લી."ના નામનો ફરજીયાત બીડવાનો રહેશે. (જે લોકોની ડીપોઝીટ સંઘમાં જમા હોય તેમને ડીમાન્ડ ડ્રાફટ જોડવાનો નથી )

(૫) ટેન્ડર ભરતા કોન્ટ્રાકટરે ટેન્ડર સાથે ટેન્ડરમાં માંગ્યા મુજબના તમામ જરૂરી પ્રમાપત્રો સેલ્ફ એટેસ્ટેડ ઝેરોક્ષ નકલ ફરજીયાત બીડવાની રહેશે.

(૬) ઉપરોકત ટેન્ડર ભરવા માટે સહકારી દૂધ સંઘમાં ૩ વર્ષ સુધી કામ કરેલ હોવું જરૂરી.

(૭) એક યા તમામ ટેન્ડર મંજુર અગર નામંજુર કરવાના તમામ હકક દૂધ સંઘને અબાધિત રહેશે.

**ડો. આર.એસ. પટેલ**
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી - અમરેલી

હવે.. બદલાશે **સારવારની** પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફ્રેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)
ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
NETRA CHIKITSA TRUST

## જાગ્યા ત્યાંથી સવાર ગણીને વહીવટીતંત્રએ ચકાસણી શરૂ કરી

# અમરેલી જિલ્લાનાં નાના શહેરોમાં પણ ફાયર સેફટીનું ચેકીંગ

**ખાંભામાં આવેલ હોટેલ, રેસ્ટોરન્ટને સીલ મારવાનું શરૂ કરતાં વેપારીઓમાં દોડધામ મચી**

**રેસ્ટોરન્ટને લગત જરૂરી દસ્તાવેજોની પણ ચકાસણી શરૂ કરવામાં આવી**

**આગામી કલાકોમાં ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરનાર દુકાનધારકોને ત્યાં પણ થશે ચકાસણી**

**સ્થાનિક મામલતદાર, પોલીસ અધિકારીની ટીમે ચેકીંગ શરૂ કરતાં ફફડાટ**



તસ્વીર : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભા, તા.૨૯

ખાંભામાં આવેલ તમામ હોટેલમાં મામલતદાર અને પોલીસનું સંયુકત ચેકીંગ હાત ધરાયું. ખાંભામાં આવેલ પાંચ જેટલી હોટેલને ફાયર સેફટી તેમજ ફુડ વિભાગની એનઓસીને લઈ સીલ કરવામાં આવી. હોટેલ પાસે ફાયર સેફટીની એનઓસી તેમજ ફુડ વિભાગનાં જરૂરી પરવાનગી અને બિનખેતી ના થયેલી તમામ હોટેલ સીલ કરવામાં આવી. કલેકટરની સુચના અંગે સંયુકત હાથે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું. ખાંભામાં રાજધાની હોટેલ, મહાદેવ હોટેલ ઉના રોડ, મધુરમ હોટેલ, સોમનાથ હોટેલ, મહાદેવ રેસ્ટોરન્ટ એન્ડ હોટેલ, ખોડિયાર પાઉંભાજી સહિત સીલ કરવામાં આવી. આગામી દિવસોમાં ઘર વપરાશનાં ગેસ સિલિન્ડર વાપરતા ચાની હોટેલ, ફરસાણની હોટેલ સહિતને ચેકીંગ હાથ ધરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. ખાંભા મામલતદાર એ.પી. અંટાળા, સર્કલ ઓફિસર જયદેવ ગઢવી તેમજ મામલતદાર સ્ટાફ અને પોલીસ સ્ટાફ ધ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવતા ખાંભા શહેરમાં હોટેલ, રેસ્ટોરન્ટ સહિતમાં ફફડાટ ફેલાયો છે.

## શેલ ખંભાળીયા અને વાવડી (રામવાળાની)નાં ઈસમો ઝડપાયા

# ટીંબી નજીકથી બોલેરો જીપમાંથી વિદેશી બનાવટનાં દારૂની ૩૧૦૦ બોટલ ઝડપાઈ

**અન્ય એક આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૯

ધારી તાલુકાના શેલ ખંભાળીયા ગામે રહેતા સજવીર વાળા તથા ધારી તાલુકાના વાવડી (રામવાળાની) ગામે રહેતા સુરેન્દ્ર ધાખડાએ તા. ૨૮ના રોજ સવારે ૪:૩૦ કલાકે ટીંબી ગામે પેટ્રોલપંપ સામે, હાઈવે રોડ ઉપર આવેલ ડીવાઈડર પાસે પોતાના કબ્જાવાળી બોલેરો જીપ નં. જી.જે.–૧૪

અનુસંધાન પાના ૬ ઉપર



## પંખો શરૂ કરતી વખતેની ઘટના

# ધારીનાં વાઘાપરાનાં યુવકનો પગ લપસતા પડી જવાથી મોત

**માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થઈ**

અમરેલી, તા. ૨૯

ધારી ગામે આવેલા વાઘાપરામાં રહેતા ભોળાભાઈ ભીમજીભાઈ મોરવાડીયા નામનાં ૩૪ વર્ષિય યુવકના પિતા એક પગે વિકલાંગ હોય અને તેઓ પોતાના ઘરમાં સુતા હોય. ત્યારે તેમણે યુવકને પંખો ચાલુ કરવાનું કહેતા યુવક પંખો ચાલુ કરવા જતા અચાનક અકસ્માતે યુવકનો પગ લપસી જતા યુવક જમીન પર પડી જતા તેમને માથામાં ગંભીર ઈજા થતા પ્રથમ ધારી સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવારમાં અમરેલી સરકારી દવાખાને લઈ જતા યુવક મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

Kelvinator સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસિક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૨૪ ૫૮૫૪૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
PCB 5
Up to 5%* Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Sheetal
માત્ર ₹20/-
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ મસાલા છાશ

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)